જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. ૧૭-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

સરકાર-સેનાને મજબૂત સમર્થનનો ઠરાવ પાસ, પક્ષોએ પાક. સમર્થિત આતંકવાદની નિંદા કરી

સર્વપક્ષીય બેઠક: આતંકવાદ સામે તમામ રાજકીય પાર્ટીઓ એકજુટ

બેઠકમાં રાજનાથ સિંહે કહ્યું: આતંકને ખત્મ કરવા માટે સરકાર પ્રતિબદ્ધ



ન્યુ દિલ્હી

પુલવામા આંતકી હુમલાને લઈને દેશભરમાં આક્રોશ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સેનાને કહ્યુ કે, ''તેઓ બદલો લેવા માટેની જગ્યા અને સમય પોતાના હિસાબથી નક્કી કરી લે.'' આ કારતૂતને લઈને સરકારે સંસદમાં તમામ પાર્ટીના નેતાઓ સાથે વાતચીત કરી.

ગૃહમંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં શનિવારે દિલ્હીમાં સંસદ ભવનમાં એક બેઠક બોલાવવામાં આવી. આ બેઠકમાં કોંગ્રેસ સહિત વિપક્ષી દળોના નેતા સદન શામેલ થયા. બેઠક પછી નરેન્દ્ર સિંહ તોમરે જણાવ્યુ કે, લોકસભા અને રાજયસભામાં રાજનીતિક પાર્ટીઓના નેતાઓની બેઠક બોલાવવામાં આવી, જેમાં તમામ પાર્ટીઓના નેતાઓ આ આશ્વાસન આપવામાં આવ્યુ કે, ''દેશ અને સરકાર એક સાથે છે.''

તેમણે જણાવ્યુ કે, ''બેઠકમાં આ પ્રસ્તાવની સર્વસંમતિથી પાસ કરવામાં આવ્યો છે.'' આ સાથે જ જણાવ્યુ કે , બેઠકમાં ગૃહમંત્રી રાજનાથ સિંહે કહ્યુ કે, ''આતંકવાદનું આ કાર્ય કાયરતાભર્યુ છે અને જમ્મૂ-કશ્મરીના આતંકને ખત્મ કરવા માટે સરકાર પ્રતિબદ્ધ છે. ''બેઠકમાં રાજનાથ સિંહે કહ્યુ કે, ''કશ્મીરના જનતા અમન ઈચ્છે છે અને અમારી સાથે છે.''

ગૃહમંત્રી રાજનાથ સિંહ સિવાય આ બેઠકમાં ગૃહ સચિવ રાજીવ ગૌબા, બીએસપી નેતા સતીશ ચંદ્ર મિશ્રા, આરજેડી નેતા જેપી યાદવ, સીપીએમ નેતા ટી કે રંગરાજન, ફારૂખ અબ્દુલ્લા, કે વેણુગોપાલ, ટીઆરએસના જિતેન્દ્ર રેડ્ડી, રામ મોહન નાયડૂ, ગુલામ નબી આઝાદ, ચન્દ્રૂ માજરા, નરેશ ગુજરાલ, ટીએમસી નેતા ડેરેક ઓ બ્રાયન, સુદીપ બંધોપાધ્યાય, એનસીપી નેતા શરદ પાવર, આનંદ શર્મા, આપ નેતા સંજય સિંહ, શિવસેના નેતા સંજય રાઉત, જયોતિરાદિત્ય સિંધિયા, આરએલએસપી નેતા ઉપેન્દ્ર કુશવાહા શામેલ થયા. બેઠકમાં સીઆરપીએફના એડીજી પણ પહોંચ્યા.

મીટિંગ પહેલા ગુલામ નબી આઝાદે જણાવ્યુ કે, અમે તમામ સુરક્ષાબળોને સાથે ઉભા છીએ પરંતુ મીટિંગમાં શું થશે તે અંગે કોઈ જાણકારી નથી. આઝાદે સ્પષ્ટ કર્યુ કે, તેમની પાર્ટી આતંકવાદની સામે લડવા માટે સરકારને સમર્થન આપશે. આ વાતચીતનો સમય નથી અને આમ કરવું મૂર્ખામી છે. ગુલામ નબી પહેલા શુક્રવારના કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યુ કે, ''કોંગ્રેસ પાર્ટી સહિત વિપક્ષ સરકાર અને સેનાની સાથે છે.'' બીજી તરફ, ભાજપના નેતા તથા કેન્દ્ર સરકારમાં મંત્રી નરેન્દ્રસિંહ તોમરે કહ્યું કે, ૧૪ ફેબ્રુઆરીએ જે પુલવામામાં આતંકી હુમલો થયો તેનાથી સમગ્ર દેશ દુ:ખી છે. આ વિષય પર સંસદના તમામ પાર્ટીઓના નેતાઓની સાથે ચર્ચા કરી છે. તમામ દેશની સાથે ઊભા છે.

પાકિસ્તાનની વધુ એક નાપાક હરકત, એલઓસી નજીક બોમ્બ વિસ્ફોટ

આતંકીઓએ પ્લાન્ટ કરેલ વિસ્ફોટકને ડિફ્યૂઝ કરતા બ્લાસ્ટ, આર્મી મેજર શહીદ

રાજૌરી

જમ્મૂ-કાશ્મીર પુલવામામાં સીઆરપીએફના ૨૫૦૦ જવાનોના કાફલાને નિશાન બનાવીને કરવામાં આવેલા હુમલામાં ૪૦ જવાનોની શહીદ થયાની શ્યાહી હજી સુકાઈ પણ નથી ત્યાં અવળચંડા પાકિસ્તાને વધુ એક નાપાક હરકતને અંજામ આપ્યો છે. એલઓસી નજીક વધુ એક બ્લાસ્ટ થયો છે.

જમ્મુ-કાશ્મીરના રાજૌરીના નૌશેરા સેક્ટરમાં કામચલાઉ વિસ્ફોટક ઉપકરણને ડિફ્યૂઝ કરતી વખતે બ્લાસ્ટ થયો હતો. જેમાં મેજર શહીદ થયા છે. આ એક્સપ્લોઝિવને ઘૂસણખોરોએ એલઓસી નજીક પ્લાન્ટ કર્યુ હતું જેમાં સેનાના એક મેજર શહીદ થયા છે. આમ પુલવામા હુમલાને હજી ૭૨ કલાક જેટલો પણ સમય નથી થયો ત્યારે આતંકીઓએ વધુ એક ઘટનાને અંજામ આપ્યો છે.

અગાઉ ગત ગુરૂવારે બપોરે જમ્મૂ-કાશ્મીરના પુલવામામાં આત્મઘાતી હુમલો થયો હતો. જેમાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા હતાં. ભારત આ હુમલાનો વળોતો જવાબ આપવાની તૈયારીઓ કરી રહ્યું છે. દેશમાં હાલ એક પછી એક ઉચ્ચ કક્ષાની બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

મહારાષ્ટ્રમાં અનેકવિધ યોજનાના ખાતમૂહર્ત પ્રસંગે વડા પ્રધાન મોદીએ પાક. પર કર્યા પ્રહાર

શહીદોનું બલિદાન એળે નહીં જાય, જવાનો પર વિશ્વાસ રાખો: પીએમ મોદી



મુંબઈ

પુલવામાં હુમલાના ત્રીજા દિવસે વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિકાસના કામોનું ખાતમૂહર્ત કરાવવા માટે મહારાષ્ટ્રના યવતમાળમાં પહોંચ્યા હતા. અહીંયા તેમણે રેલ, રોડ, અને આવાસ યોજનાના અનેક કામોનું લોકાર્પણ તેમજ ખાતમૂહર્ત કર્યુ હતું. આ પ્રસંગે પાકિસ્તાનને આડે હાથે લેતા તેમણે પુલવામાં હુમલાના દોષીને સજા આપવાની ખાત્રી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે હું દેશને વિશ્વાસ અપાવા માંગુ છું કે સેનાના જવાનો પર ભરોષો રાખો, તેમને છૂટો દોર આપી દેવામાં આવ્યો છે, પુલાવામાનો બદલો લેવાશે.

વડા પ્રધાને કહ્યું, જે પાકિસ્તાન દેવાળિયું થવાના આરે છે, તે પાકિસ્તાન આતંકવાદનો પર્યાય બની ગયો છું, હું દેશને વિશ્વાસ અપાવું છું. જવાનો પર વિશ્વાસ રાખો, પુલવામાના ગુનેગારોને સજા કેવી રીતે ક્યાં, કોણ આપશે, કેવી રીતે સજા આપશે તે આપણા જવાનો નક્કી કરશે. સાથીઓ આજે આપણે સુરક્ષા સાથે આપણા સપના પુરા કરી રહ્યાં છે, દેશનો વિકાસ કરી શકીએ છીએ તેની પાછળ અગણિત બલિદાન છે. હું પુલવાના શહીદનો ફરી નમન કરૂ છું.

પીએમ મોદીએ કહ્યું કે, ×હું જાણું છું કે આપણે બધાં ઊંડી વેદનાથી પસાર થઈ રહ્યાં છીએ. પુલવામામાં જે થયું તેને લઈને તમારા આક્રોશને હું સમજી શકું છું. જે પરિવારે પોતાના લાલને ગુમાવ્યાં છે તેની પીડા હું અનુભવી શકુ છું. આ શહીદોનું બલિદાન વ્યર્થ નહીં જાય. આતંકી સંગઠનોમાં આતંકના આકાઓએ જે ગુનો કર્યો છે તે બાદ તેઓ લાખ છુપવાનો પ્રયાસ કરે તેઓને સજા જરૂરથી મળશે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન સિક્યુરિટી સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, ફિલાઉત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન ટુંકવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્ગદર્શી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદઅંશ ઘટાડો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ થિયો સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રાજ્યભરમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મહત્તમ ૬ લિસ્ટમાંથી બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આવકમાંથી ચુકવણા જશો, જે માટે સાથે ડાયરેક્ટ કોપરક પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી આપણીકાવાનું ઉજ્જવળ નિર્માણ કરીએ.
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મેળવી આપના કમાયેલા પૈસામાંથી
(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ચોટો જોડવી ઉપરની) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે સાથે રાજ્યભરમાં ૫૫૦/- ભરવાના રહેશે.
(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ચોટો જોડવી ઉપરની) આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વહીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે રાજ્યભરમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો | ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

હળવદની મહર્ષિ ગુરૂકુળ ખાતે વાર્ષિકોત્સવનો 'સંગાથે' કાર્યક્રમ યોજાયો



ગુજરાતી- અંગ્રેજી માધ્યમ તેમજ કોલેજનો વાર્ષિક ઉત્સવ 'સંગાથે'ની ઉજવણી કરાઈ : કાર્યક્રમમાં મહર્ષિ ગુરૂકુળના ટ્રસ્ટી, વિદ્યાર્થીઓ અને વાલીગણે શહિદ જવાનોને શ્રધ્ધાંજલી આપી

હળવદની મહર્ષિ ગુરૂકુળ ખાતે આજે 'અમે સૌ સંગાથે'નો વાર્ષિક ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત સૌ મંચસ્થોના હસ્તે દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. ત્યારબાદ બાદ અંગ્રેજી માધ્યમના ભુલકાઓએ ડાન્સ રજૂ કરી ઉપસ્થિત સૌ લોકોને મંત્રમુગ્ધ કર્યા હતાં.

ઝાલાવાડની શૈક્ષણિક નગરી ગણાતા હળવદમાં શિક્ષણનું વ્યાપ વધારી ભારતીય સંસ્કૃતિનું સિંચન કરતી મહર્ષિ ગુરૂકુળ ખાતે તા.૧૫/૧૬ના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ તેમજ કોલેજનો વાર્ષિક ઉત્સવ 'અમે સૌ સવાયા સંગાથે'ના રૂપમાં એક અનોખી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના મેનેજિંગ ટ્રસ્ટી રજનીભાઈ સંઘાણી સહિત સંચાલકોએ દિપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકયો હતો. તો સાથોસાથ આ વેળા શાળાના ટ્રસ્ટીગણ તેમજ ઉપસ્થિત લોકોએ પુલવામા શહિદ થયેલા વીર જવાનોને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પણ કરી દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.

ત્યારબાદ કાર્યક્રમ શરૂઆત થતાં શાળાના ટ્રસ્ટીઓ અને પ્રિન્સિપાલે વિદ્યાર્થીઓને શિલ્ડ એનાયત કરી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. ઉપરાંત મહર્ષિ ગુરૂકુળના નર્સરીથી ધો.૮ના વિદ્યાર્થીઓએ જૂદા જુદા ડાન્સ પર્ફોમન્સ રજુ કરી ઉપસ્થિત વાલીગણને મંત્રમુગ્ધ કર્યા હતા.ઉપરાંત અંગ્રેજી માધ્યમના ધો. ૭ના વિદ્યાર્થીઓએ એક અલગ જ અંદાજમાં પરફોર્મ્સ બતાવી આજની યુવા પેઢીને મોબાઈલના ફાયદા અને ગેરફાયદા વિશે સંદેશો પાઠવ્યો હતો. આજના આ કાર્યક્રમમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ તેમજ કોલેજના ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ૧૩ કલાકના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ૭૫ કૃતિઓની રજુઆત કરી હતી. આ વેળાએ ૧૧૦૦ જેટલા શિલ્ડ અને મેડલ વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવ્યા હતા. આ તકે શાળાના એમ.ડી. રજનીભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, દર વર્ષની માફક આ વર્ષે પણ વાર્ષિકોત્સવની ઉજવણી સાદગી ભર્યું કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શાળાના સંચાલક રાજુભાઈ, અશોકભાઈ સહિત ટ્રસ્ટીગણે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

ધ્રાંગધ્રામાં શહીદોને ભારે હૈયે અપાઈ શ્રદ્ધાંજલિ

હિન્દુસ્તાનના કશ્મીરમાં આપણા વીર સપૂતો વીર જવાનો પર મુસ્લિમ આંતકવાદીઓ દ્વારા હુમલો કરીને મોતને ઘાટ ઉતારે તેનું દુઃખ સમગ્ર હિન્દુસ્તાનમાં પહોંચ્યું છે જેને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ આપવા ધાંગધ્રા નગરના તમામ રાષ્ટ્ર પ્રેમી ને વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ દ્વારા અને દરબાર ગૃપ દ્વારા અપીલ કરવામાં આવેલ જે અપીલને રાષ્ટ્રહિતમાં લોકોએ દિલથી શ્રદ્ધાંજલિ આપવા તમામ નાત જાતના લોકો ધાંગધ્રાના રાજમાર્ગ પર ઉપસ્થિત રહ્યા વિશાળ સંખ્યામાં કેન્ડલ માર્ચ કરીને પાકિસ્તાન મુર્દાબાદના નારા સાથે વીર શહીદોને રદય પૂર્વક ની શ્રદ્ધાંજલિ આપેલ

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ તેમજ દયાવાન ગ્રુપ . રાષ્ટ્રીય બજરંગ દાળ ના સમાજસેવકો શ્રી હિતેશ ભાઈ ચૌહાણ વકીલ ભાવેશભાઈ દવે મોજ ભાઈ કંસારા મુન્નાભાઈ રબારી દયાવાન મહેશ ભાઈ મકવાણા આશિષ ભાઈ પરમાર એ જહેમત ઉઠાવી હતી . આ કાર્યક્રમમાં થી૨૦૦૦ વધારે લોકો લોકોએ હૃદય પૂર્વક ની શ્રદ્ધાંજલિ આપેલ.

રાણપુરની ગીતાંજલી કેમ્પસ સ્કુલના ૧૫૦૦ વિદ્યાર્થીઓએ પુલવામાં શહીદ થયેલા સૈનિકોને અશ્રુભીની આંખે શ્રધાંજલી આપી



જમ્મુ કાશ્મીર ના પુલવામાં ભારતના સૈનિકો ઉપર ત્રાસવાદીઓએ કરેલા હુમલા માં ૪૦ થી વધુ સૈનિકો શહીદ થતા સમગ્ર દેશ શોક માં ગરકાવ થઈ ગયો છે ત્યારે બોટાદ જીલ્લા ના રાણપુર માં આવેલી ગીતાંજલી કેમ્પસ સ્કુલ ના ૧૫૦૦ વિદ્યાર્થીઓએ શહીનો ને અશ્રુભીની આંખે શ્રધાંજલી આપી બે મીનીટ મૌન પાળ્યુ હતુ અને સૌ વિદ્યાર્થીઓએ વિર શહીદ સૈનિકો અમર રહો ના નારા લગાવ્યા હતા સ્કુલ ના વિદ્યાર્થીઓએ અને સ્કુલ ના સ્ટાફ દ્વારા શ્રધાંજલી અપાતા ભાવવીભોર દ્રશ્યો સર્જાયા હતા.

વાંકાનેરમાં ભરવાડ સમાજના સમુહલગ્નમાં ૬૬ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડયા



સંતો-મહંતો સહિત અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત

વાંકાનેર ગોપાલક સમુહલગ્ન સમિતિ દ્વારા મચ્છુ માતાજીના પટાગણમાં આજે નવમાં સમુહ લગ્નોત્સ યોજાયા હતા. જેમાં ભરવાડ સમાજની ૬૬ દિકરીઓએ પ્રભુતામાં પગલાં માંડયા હતા. આ સમુહ લગ્નોત્સવમાં ભરવાડ સમાજના ધર્મગુરૂ સહિત અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ભરવાડ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

મોરબી જિલ્લાના વાંકાનેર ગોપાલક સમુહ લગ્ન સમિતિ દ્વારા સતત નવમાં વર્ષે સમુહ લગ્નોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં ૬૬ દિકરીઓએ પ્રભુતામાં પગલાં માંડયા હતા. આ સમુહ લગ્નોત્સ માં ૧૦૦૮ મહામંડલેશ્વર પૂ. ઘનશ્યામપુરીએ દિપ પ્રાગટય કરી નવ દંપતીઓને આશીર્વચન આપ્યા હતા તો સાથોસાથ સમુહ લગ્ન ઉત્સવ માં ફાળો આપનાર દરેક દાતાઓ નું ગોપાલક સમૂહ લગ્ન સમિતિ દ્વારા શાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા આ સમૂહ લગ્નોત્સવમાં અંદાજે ૨૦ હજાર જેટલા ભરવાડ સમાજના લોકો ઉમટી પડ્યા હતા

સમૂહ લગ્નોત્સવ માં ભરવાડ સમાજ ના ધર્મ ગુરુ તેમજ અનેક સંતો મહંતો અગ્રણીઓ સાંસદ મોહનભાઈ કુંડારિયા, કવાભાઈ ગોલતર, માત્રભાઈ મુંધવા, રૈયાભાઈ મુંધવા, જયેશભાઈ ગોલતર, મોરબી જિલ્લ નોડલ ઓફિસર ગીરીશભાઈ સરૈયા, વાકાનેર નાત પટેલ ગેલાભાઈ ડાભી, નાગલધામ ગ્રુપ ના પ્રમુખ નવઘણભાઈ મુંધવા, વિભાભાઈ ડાભી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ભુંડીયા સાહેબએ કર્યું હતું સમગ્ર સમૂહ લગ્ન સફળ બનાવવા શ્રી વાંકાનેર ગોપાલક સમૂહ લગ્ન સમિતિ ના પ્રમુખ હીરાભાઈ બાંભવા સહિત સમિતિના હોદેદારો તેમજ સમાજના યુવાનો દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી

પ્રધાનમંત્રી કિસાન યોજના કાર્યમાં ઝડપ લાવવા જિલ્લા કલેકટર નિર્દેશ

સંકલન બેઠકમાં પદાધિકારીઓ દ્વારા વિવિધ લોકપ્રશ્નોની રજૂઆત કરાઈ

ભુજ

જિલ્લા કલેકટર શ્રીમતી રેમ્યા મોહનના અધ્યક્ષપદે આજે મળેલી સંકલન સમિતિની પ્રથમ તબકકાની બેઠકમાં પ્રધાનમંત્રી કિસાન યોજના હેઠળ નાના ખેડૂતોને રૂ. ૬૦૦૦/-ની સહાય આપવાના પંચાયત અને મહેસુલ વિભાગમાં દિવસ-રાત ચાલી રહેલા કાર્યને પ્રથમ અગ્રતા આપવાનો નિર્દેશ આપતાં જિલ્લા કલેકટરે નોડલ અધિકારીઓને અને પ્રાંત કક્ષાએથી મોનીટરીગ કરવા સૂચનાઓ આપી હતી. સાચો લાભાર્થી સહાયથી વંચિત ન રહી જાય તેની કાળજી રાખવા સાથે કામગીરીમાં ઝડપ લાવવા તેમણે અનુરોધ કર્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી પ્રભવ જોષીએ આ તકે કામગીરીના બીજા તબકકામાં ફોલોઅપ લેવા અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

નરા જુથ ગ્રામ પંચાયતની રજૂઆત સંદર્ભે ધોરડોથી માતાના મઢને જોડતો હાજીપીર-નખત્રાણા માર્ગ વેળાસર રીપેર થાય તે માટે જિલ્લા કલેકટર દ્વારા પંચાયત વિભાગના માર્ગ- મકાન વિભાગને તાત્કાલિક દરખાસ્ત મોકલી આપવા સૂચના આપી હતી.

બીજા તબક્કાની ફરિયાદ સમિતિની બેઠકમાં પદાધિકારીઓનાં પ્રશ્નોમાં જિલ્લા પંચાયત પ્રમુખ લક્ષ્મણસિંહ સોઢા રવ મોટી મુકામે પોલીસ કવાર્ટર જર્જરીત હોવાના અને ડાવરી ગામે વીજપોલ બદલવાની રજૂઆત કરી હતી. તેમણે રાપર-ફતેહગઢ માર્ગ ખરાબ હોઈ કયારે રીપેર કરાશે તેની વિગતો જાણવા માંગી હતી. માર્ગ-મકાન વિભાગ તરફથી રાડાની હદમાં આવતા રસ્તા સિવાયના માર્ગની દુરસ્તી બાબતે માર્ગ-મકાન વિભાગના કે.આર.પટેલે દ્વારા વિગતો પૂરી પડાઈ હતી.

માંડવી-મુંદરાના ધારાસભ્ય શ્રી વિરેન્દ્રસિંહ જાડેજાએ બાગાયતી પાકોમાં દાડમ અને કેરીમાં સહાયના ધોરણો બાબતે પૂછા કરતાં બાગાયત અધિકારી શ્રી મોઢ દ્વારા તેમને વિગતો પૂરી પડાઇ હતી.

અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા દ્વારા ધારાસભ્યની ગ્રાંટમાંથી શેડ બનાવવા સંદર્ભે ગાઇડલાઇન મંગાતા જિલ્લા આયોજન અધિકારીશ્રી રાઓલે તાલુકા અને જિલ્લા મથકે શેડ બનાવવા મંજૂરી અપાતી હોવાનું જણાવી સંકલિત માર્ગદર્શિકાની નકલ પૂરી પાડી હતી. આ સિવાય અબડાસાના લાલા વિસ્તારમાં લોડ વધતા મોટરો બળી જતાં હોવાનું જણાવી સબ-સ્ટેશનનું આયોજન અંગે જાણવા માંગ્યું હતું. સામખીયાળી-સુરજબારી નર્મદા પાઇપલાઇન આસપાસ મીઠાના પ્લોટને કારણે તે સડી જવાની શકયતા દર્શાવતાં જિલ્લા કલેકટર દ્વારા પ્રાંત કચેરી, નર્મદા અને પાણી પુરવઠા વિભાગની ટીમ બનાવી હકિકત તપાસવા નિર્દેશ આપ્યો હતો.

સામાજીક ન્યાય સમિતિના ચેરમેન વસંતભાઈ વાઘેલાએ ચર્ચામાં ભાગ લીધો હતો.

આગામી ૨૩મી ફેબ્રુઆરીથી જિલ્લા શરૂ થનારા સુજલામ-સુફલામ જળ અભિયાન કાર્યક્રમ માટેની માસ્ટર પ્લાનની કામગીરી પૂર્ણતાના આરે હોવાનું સિંચાઈ વિભાગના શ્રી સોનકેસરીયાએ વિગતો આપી હતી. ૩૧મી મે સુધી ચાલનારા આ કાર્યક્રમને વેગવંતો બનાવવા જિલ્લા કલેકટરે પણ અધિકારીઓને સૂચના આપી હતી.

અધિક કલેકટર કે.એ.ઝાલાએ અધિકારીઓની સમીક્ષા બેઠકમાં સરકારી બાકી લેણાંની વસૂલાત, પેન્શન કેસો, નાગરિક અધિકારપત્ર, પ્રાથમિક તપાસ તેમજ એસીબીના કેસો સંબંધે વિભાગોને સૂચના આપી સમીક્ષા કરી હતી. તેમણે સંબંધિત વિભાગોને નિયમિતપણે માહિતી મોકલવા તાકીદ કરી હતી.

આ બેઠકમાં પશ્ચિમ વિભાગના પોલીસ વડા એમ.એસ.ભરાડા, સિવિલ સર્જન ડો. કશ્યપ બુચ, પૂર્વ કચ્છના ડીવાયએસપી શ્રી વાઘેલા, અંજાર પ્રાંત વી.કે.જોષી, અબડાસા પ્રાંત ડી.એ.ઝાલા, મુંદ્રા પ્રાંત અવિનાશ વસ્તાણી, નખત્રાણા પ્રાંત જી.કે.રાઠોડ, ભચાઉ પ્રાંત શ્રી જોષી, સીડીએચઓ ડો. પંકજકુમાર પાંડે, પશુપાલન વિભાગના ડો.બ્રહ્મક્ષત્રિય, ખેતીવાડીના શ્રી શિહોરા, આર.ટી.ઓ.શ્રી યાદવ, પ્રોજેકટ ઓફિસર રવિરાજસિંહ ઝાલા, ડે.ડીડીઓ અશોક વાણિયા સહિતના જુદાં-જુદાં વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નવાગામમાં તંત્રે રાત્રિ સભામાં ગ્રામજનોના પ્રશ્નો સાંભળ્યાં



જિલ્લા કલેકટર રેમ્યા મોહને પી.એમ. કિસાન યોજના અરજીઓની તાત્કાલિક ઓનલાઈન એન્ટ્રી કરી નિર્ણય કરવાની આપી સૂચના

ભુજ

જિલ્લા કલેકટર શ્રીમતી રેમ્યા મોહનની ઉપસ્થિતિમાં અંજાર તાલુકાના નવાગામ ખાતે રાત્રિ સભાનું આયોજન કરાયું હતું. જેમાં અંજાર તાલુકાના તમામ વિભાગોના અધિકારીઓ તેમજ ગ્રામજનોની હાજરીમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓની માહિતી પૂરી પાડવા સાથે રાત્રિસભામાં ગ્રામજનોના વિવિધ પ્રશ્નો સાંભળવામાં આવ્યા હતા.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નવાગામમાં ઘાસચારો, પીવાનાં પાણીની સુવિધા બાબતે સમીક્ષા કરવા સાથે જિલ્લા કલેકટર રેમ્યા મોહને લોકોને સ્પર્શતા પ્રશ્નો સાંભળીને તે અંગેની કાર્યવાહી હાથ ધરવા સંબંધિત વિભાગોના અધિકારીઓને સ્થળપર જ સૂચના આપી હતી.

પ્રધાનમંત્રી કિસાન યોજના સહિતના યોજનાકીય કામોની સમીક્ષા હાથ ધરી જિલ્લા કલેકટર દ્વારા પી.એમ.કિસાન યોજના હેઠળ લાભાર્થી ખેડૂતોની અરજીઓ મેળવવા સાથે અંજાર અને ગાંધીધામના તમામ અધિકારીઓને અરજીઓની તાત્કાલિક ઓનલાઈન એન્ટ્રી કરી નિર્ણય કરવાની સૂચના આપી હતી.

જિલ્લા કલેકટરે એક પણ સાચો લાભાર્થી આ યોજનાથી વંચિત રહી ન જાય તે માટે યોજનાનો પૂરતો પ્રચાર-પ્રસાર કરવા પણ સૂચના આપી હતી.

જિલ્લા કલેકટરશ્રી દ્વારા અંજાર ખાતે નિર્માણાધિન વીર બાળભૂમિ સ્મારક તથા મૂલાકાત લઈ કામની સમીક્ષા કરી સંબંધિત એજન્સીઓને તાત્કાલિક કામગીરી પૂર્ણ કરવા સૂચના આપી હતી. ટપ્પર ડેમની મૂલાકાત દરમિયાન તેમણે પીવાના પાણી બાબતે સમીક્ષા કરી જરૂરી સૂચના આપી હતી.

જિલ્લા કલેકટરશ્રીએ અંજાર તાલુકાના ચાંદ્રાણી તેમજ કોટડા ગામની ગૌશાળાની આકસ્મિક તપાસણી હાથ ધરી પીવાના પાણી, ઘાસચારો અને આનુષાંગિક સુવિધાઓની ભૌતિક ચકાસણી કરવામાં આવી હતી. સરહદ ડેરીના ફિલ્ડ પ્લાન્ટની પણ મૂલાકાત લીધી હતી.

દૂધઈના પોલીસ સ્ટેશનની આકસ્મિક તપાસણી હાથ ધરી કલેકટરશ્રી દ્વારા જરૂરી સૂચનાઓ અપાઈ હતી અને પોલીસ સ્ટેશનને લગતા પ્રશ્નો સાંભળ્યાં હતા.

બેંકમાં ફાયરિંગ કરી ત્રણ શખ્સોએ અંદાજે રૂ. ૧ કરોડની લૂંટ ચલાવી

ગાંધીનગર

કલોલ તાલુકામાં છત્રાલ જીઆઈડીસીમાં આવેલી એક્સિસ બેંકમાં લૂંટનો બનાવ બન્યો છે. બાઈક પર આવેલા ત્રણ શખ્સ ફાયરિંગ કરી લૂંટ ચલાવી ફરાર થઈ ગયા છે. અંદાજે એક કરોડ રૂપિયાની લૂંટ કરવામાં આવી હોવાની શક્યતા છે. ફાયરિંગમાં બેંકના કર્મચારીને પગમાં ગોળી વાગતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

ઘટનાને પગલે કલોલ તાલુકા પોલીસ અને ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો બેંક પર પહોંચી ગયો છે. પોલીસે બેંક સીસીટીવી ફુટેજની તપાસ શરૂ કરી છે. જિલ્લામાં નાકાબંધી કરી લૂંટારુઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

બસ અને ટેકર વચ્ચે અકસ્માતઃ ૨ના મોત, પને ઈજા

મહેસાણા

મહેસાણા અમદાવાદ હાઈવે પર લક્ઝરી બસ અને ટેક્કર વચ્ચે અકસ્માત સર્જાયો છે. આ ઘટનામાં બે લોકોના મોત થયા છે જ્યારે અન્ય ૫ ઘાયલ થયા છે. જ્યારે અકસ્માતમાં ઘાયલ લોકોને સારવાર માટે મહેસાણા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મહેસાણા અમદાવાદ હાઈવે પર મડાલી પાટિયા પાસે લક્ઝરી બસ અને ટેક્કર સામ સામે આવી જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં લક્ઝરી બસનો કચ્ચરઘાણ બોલાઈ ગયો હતો. અકસ્માતની આ ઘટનામાં બે લોકોના સ્થળ પર મોત થયા છે અને પાંચ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે.

આ ઘટનાની જાણ થતા પોલીસ કાફલો સહિત ૧૦૮ સ્થળ પર પહોંચી ગયા હતા. અને પોલીસ સહિત ૧૦૮ દ્વારા અકસ્માતમાં ઈજાગ્રસ્તોને સારવાર અર્થે મહેસાણા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અને મૃત દેહને પીએમ અર્થે ખસેડી પોલીસે અકસ્માતની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કેવડિયામાં ૨૮મી ઓલ ઈન્ડિયા સ્ટેટ ઈલેકશન કમિશનર્સ કોન્ફરન્સ

લોકશાહીનું આમુલાગ્ર મજબૂતિકરણ અને મતદાર જાગૃતિ પરિસંવાદમાં મતદાર જાગૃતિ અભિયાનો અને પરિણામોનો થયો વિચાર વિમર્શ



રાજપીપળા : કેવડિયા ખાતે ૨૮મી ઓલ ઈન્ડિયા સ્ટેટ ઈલેકશન કમિશનર્સ કોન્ફરન્સના પ્રથમ સત્રમાં લોકશાહીનું આમૂલાગ્ર મજબૂતિકરણ અને મતદાર જાગૃતિ પરિસંવાદ યોજાયો હતો. સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટના પદાધિકારી અને ભારત સરકારના માનવ સંપદા અને તાલીમ વિભાગના અધિક સચિવ કે.શ્રીનિવાસે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સ્થાપના અને વિકાસના ઈતિહાસ પર પ્રકાશ પાડયો હતો. તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટીની વિશેષતાઓ અને અદ્વિતિયતાને વણી લઈને, વિશ્વની આ વિરાટ પ્રતિમાના નિર્માણની ભગિરથ કામગીરીની ઝીણવટભરી વિગતો આપી હતી. તેમજ સરદાર વલ્લભભાઈ પટેલના સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના મજબૂતિકરણ માટેના પ્રયાસોની વિગતો આપી હતી. વલ્લભભાઈના તે વખતના અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં પ્રદાન અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાના લાકોપયોગી કામોના કાર્યક્ષેત્રની બાબતોને વહિવટની પ્રાથમિક્તામાં મુકી આપી હતી.

નવરચિત તેલંગાણા રાજયના રાજય ચૂંટણી પંચના કમિશનર વી.નાગીરેડ્ડીએ તેમના નવા રાજયમાં મતદાર નોંધણી ઝુંબેશ અને મતદાનના પ્રવાહોની વિગતવાર ચર્ચા પંચાયતી રાજની ચૂંટણીઓના સંદર્ભમાં કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓની સરખામણીમાં પંચાયતી રાજની ચૂંટણીઓમાં મતદાન કરવાનો વધુ ઉત્સાહ જોવા મળે છે. તેમણે મતદાર નોંધણી સફળ બનાવવાના એમના રાજયના પ્રયોગો અને પરિણામોની જાણકારી આપી હતી. મહારાષ્ટ્ર રાજય ચૂંટણી પંચના કમિશનર જે.એસ.સહર્યાએ એમના રાયમાં થાનિક વરાજય સંસ્થાઓની ચૂંટણીઓમાં મતદારોની સહભાગિદારી વધારવા માટે કરવામાં આવેલી પહેલો અને તેના પરિણામોની રૂપરેખા આપી હતી.

ગુજરાત રાજય ચૂંટણી પંચના વડા ડૉ.વરેશ સિંહાએ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ઑનલાઈન વોટીગના સફળ અમલની વિગતો આપી હતી. તેમજ ગુજરાત રાજય ચૂંટણી આયોગે મતદાર જાગૃતિ માટે ગ્રામ, તાલુકા, જિલ્લા અને શહેરી વિસ્તારોમાં વહિવટી તંત્રે યોજેલ કાર્યક્રમોની વિગતો આપી હતી. તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની-ખાસ કરીને શહેરી સંસ્થાઓની ચૂંટણીઓમાં મતદારોની ઉદાસિનતા દૂર કરવા માટે કરવામાં આવેલ આયોજનની વિગતો રજુ કરી હતી.

એસ.ઈ.સી.ડૉ.વરેશ સિંહાના અધ્યક્ષપદે મળેલા પરિષદના બીજા સત્રમાં ઈ.વી.એમ. અને ઑનલાઈન વોટીગ પ્રણાલિના સંદર્ભમાં બેલ-ઈસીઆઈએલના રાજય ચૂંટણ પંચોના ઈવીએમ અંગેના સંયુક્ત અહેવાલના વિવિધ પાસાઓની ચર્ચા કરવામાં આવી હતી. ડૉ.સિંહાએ તમામ એસ.ઈ.સી.ઓને આ અહેવાલનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા અનુરોધ કર્યો હતો. બેલ-ઈસીઆઈએલના અધિકારીઓએ ઈવીએમના ઉત્પાદનની ક્ષમતા સહિતની બાબતોની જાણકારી આપી હતી. પરિસંવાદનું સંકલન રાજય ચૂંટણી આયોગના સચિવ મહેશ જોશી તથા સંયુક્ત કમિશનર એ.એ.રામાનુજે કર્યું હતું.

જિલ્લા કલેકટર હસ્તે પ્રાંત અંજારની યોજનાકીય પુસ્તિકાનું અનાવરણ કરાયું



ભુજ

રાજય સરકારની વિવિધ કલ્યાણકારી પ્રજાલક્ષી યોજનાઓનો કચ્છના પ્રજાજનોને લાભ મળે તે માટેની એક યોજનાકીય માહિતી પુસ્તિકાનું અનાવરણ તથા વિતરણ પ્રાંત કચેરી, અંજાર દ્વારા જિલ્લા કલેકટરશ્રી રેમ્યા મોહનના હસ્તે કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેકટરશ્રીના હસ્તે અંજાર અને ગાંધીધામના સરપંચો અને તલાટીઓને ટોકન રૂપ પુસ્તકનું વિતરણ કરાયું હતું. જિલ્લા કલેકટરશ્રી રેમ્યા મોહને પ્રાંત કચેરીના લોકાભિમુખ કાર્યને બિરદાવી લોકોને પદાધિકારીઓને તથા વહીવટી તંત્રને આ પુસ્તકનો વધુમાં વધુ પ્રચાર-પ્રસાર કરી મહત્તમ લાભ લેવા માટે અપીલ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આવી પુસ્તિકા સમગ્ર કચ્છમાં પ્રથમવાર કોઈ અધિકારી દ્વારા તૈયાર કરવામાં આવી છે. કોઈ અધિકારી દ્વારા પોતાના રોજબરોજની કામગીરીમાંથી સમય મેળવી લોકહિતાર્થે તૈયાર કરવામાં આવેલ પુસ્તિકા લોકોને ઉપયોગી નીવડે તેવી શુભકામના વ્યકત કરાઈ હતી.

આ પ્રસંગે પ્રાંત અધિકારીશ્રી વી.કે.જોશીએ જણાવ્યું કે, માહિતીના અભાવે લોકો રાજય સરકારની વિવિધ યોજનાઓનો લાભોથી વંચિત ન રહે તે માટે ગ્રામ્ય કક્ષાએ પુરતી જાણકારી સભર આ પુસ્તિકાનું લોકહિતાર્થે તૈયાર કરી વિતરણ કરવામાં આવેલ છે. આ પુસ્તકામાં રાજય સરકારની શિક્ષણ, આરોગ્ય, સમાજ સુરક્ષા, રોજગારી અને ખેતીવાડીની વિવિધ યોજનાઓની તમામ માહિતીનું સંકલન કરી એકજ પુસ્તિકામાં તમામ માહિતી આવરી લેવામાં આવી છે. હાલના સમયમાં માહિતી એ ખુબજ અગત્યની બાબત છે. જેની પાસે પુરતી માહિતી છે તે યોગ્ય વિકાસ સાધી શકે છે.

પુલવામા હુમલા બાદ જનાકોશ, રોડ પર દોર્યો પાકિસ્તાનનો ધ્વજ

આણંદ

જમ્મુ - કાશ્મીરનાં પુલાવામા ખાતે ગુરૂવારે આતંકી હુમલામાં ૪૦ જવાનો શહીદ થવાની જઘન્ય ઘટનાનાં રાજયભરમાં ઘેરા પડઘા પડયા છે. 'વંદે માતરમ' અને 'પાકિસ્તાન મુર્દાબાદ'નાં નારા સાથે પ્રચંડ જનાકોશ ભભૂક્યો હતો. ઠેર ઠેર આતંકવાદનાં પુતળાનાં દહન કરાયા હતા અને નનામી પણ કઢાઈ હતી અને સાથે શહીદોને શ્રધ્ધાંજલી પણ અર્પણ કરવામાં આવી હતી. આણંદમાં પણ લોકોનો રોષ ભભૂકતા વિદ્યાનગર રોડ પર પાકિસ્તાનનો ઝંડો રસ્તા પર દોરીને વિરોધ નોંધાવ્યો હતો. મળતી માહિતી પ્રમાણે આણંદનાં વિદ્યાનગર મુખ્ય રોડ પર પાકિસ્તાનનો વિરોધ કરાયો હતો. તેમણે રસ્તા પર પાકા રંગોથી પાકિસ્તાનનો રાષ્ટ્રધ્વજ દોરી 'હંમેશા પાકિસ્તાન અમારા જૂતાં નીચે રહેશે'નો સંદેશ અપાયો હતો. પુલવામાંમા આતંકવાદી હુમલામા શહીદ થયેલા સીઆરપીએફના જવાનોને શ્રધ્ધાજલી આપવા આ રીતે વિરોધ કરાયો. વિરોધ નોંધાવવા આવેલા લોકોમાં ભારે રોષ છલકાતો હતો. ત્યાં સૂત્રોચ્ચાર 'વંદે માતરમ' અને 'પાકિસ્તાન મુર્દાબાદ'નાં સૂત્રોચ્ચાર પણ થઈ રહ્યાં હતાં. યુવાનો પાકિસ્તાનનાં ધ્વજ પર ઉભા રહીને સેલ્ફી પણ લઈ રહ્યાં હતાં. મોટી સંખ્યામાં આ રસ્તા પર અવરજવર હોવાને કારણે ત્યાંથી ઘણાં વાહનો અને લોકો પસાર થઈ રહ્યાં હતાં.











તંત્રી સ્થાનેથી...

સાર્થક સલાહ અપાઇ

રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના બાળ લગ્ન પર બનેલા જુથની સલાહ એવી છે કે શિક્ષણના અધિકારને ૧૮ વર્ષની વય સુધી વધારી દેવામાં આવે તે જરૂરી છે. આ જુથના નિષ્ણાંત લોકો માને છે કે આના કારણે બાળ લગ્નને રોકવામાં પણ મદદ મળશે. કારણ કે બાળકોના સ્કુલ જવા અને તેમના બાળ લગ્ન વચ્ચે ખુબ નજીકના સંબંધ રહેલા છે. બાળ લગ્ન એક દુષણ છે જે સમાજમાં વર્ષો બાદ આજે પણ પ્રવર્તે છે. આ દુષણને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવ્યા હોવાં છતાં સતત આ પ્રકારના બનાવો બની રહ્યા છે. બાળ લગ્ન હજુ પણ કેટલાક સમાજમાં તો વ્યાપક પણે જોવા મળે છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં બાળ લગ્નના કેસ વધારે જોવા મળે છે. બાળ લગ્નને લઈને તમામ લોકો ચિંતાતુર પણ બનેલા છે. બાળ લગ્નને રોકવા માટે કેટલાક ઉપયોગી સુચન કરવામાં આવ્યા છે. આ તથ્ય કોઈનાથી પણ છુપાયેલો નથી કે જે રાજ્યમાં બાળ લગ્નનો દર રાષ્ટ્રીય સરેરાશ કરતા વધારે છે ત્યારે બાળકીઓ શિક્ષણમાં અપેક્ષા કરતા પાછળ રહી ગઇ છે. આ ચોંકાવનાર બાબત છે કે બિહારમાં જ્યાં બાળ લગ્નની પ્રથા રાષ્ટ્રીય સરેરશ કરતા વધારે છે ત્યાં ૧૮ વર્ષથી નીચેની વયમાં પરિણિત રહેલી યુવતિઓમાં શિક્ષણનુ પ્રમાણ ખુબ ઓછુ રહ્યુ છે. આમાં જાણવા મળ્યુ છે કે ૫૧ ટકા યુવતિઓ જ સેકેન્ડરી સ્કુલ સુધી અભ્યાસ કરી શકી છે. રાષ્ટ્રીય માનવ અધિકાર સાથે સંબંધિત જુથે કેટલીક ભલામણ કરી છે. જેમાં રસપ્રદ બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. શિક્ષણના અધિકાર સાથે સંબંધિત અધિકારને વધારીને ૧૪ના બદલે ૧૮ કરી દેવા પાછળ મુખ્ય ભાવના જે રહેલી છે તે એ છે કે સ્કુલ જતી કિશોરીઓના લગ્ન થતા રોકાઇ જશે. જેના કારણે કેટલાક અન્ય દુષણ પણ રોકાઇ જશે. બીજી બાજુ શિક્ષણ મેળવી લેવાના તેમના અધિકારને પણ મજબુતી સાથે રજૂ કરી શકેશો. શિક્ષણના અધિકારને તેની મુળ ભાવનાની જેમ જ જોરદાર રીતે રજૂ કરવામાં આવે તે પણ હેતુ રહેલો છે. આ વય ગ્રુપમાં રહેલા તમામને શિક્ષણના અધિકારથી વંચિત ન રાખી શકાય તે હેતુથી આગળ વધવાની હવે જરૂર દેખાઇ રહી છે. જરૂર આજે આ બાબતની છે કે શાસનમાં બેઠેલા લોકો અને ખાસ કરીને નિતિ નિર્માતા અને સભ્ય સમાજના લોકો એવા તમામ ઉપાય કરે જેના કારણે બાળ લગ્નને રોકી શકાય છે. દશકોથી બાળ લગ્નના કારણે ભારતમાં અનેક પ્રકારના નવા દુષણ સમાજમાં ફેલાતા રહ્યા છે. બાળ લગ્નના દુષણને રોકવા માટે માટે શિક્ષણ મેળવી લેવાના અધિકારમાં વયને વધારી ૧૮ કરી દેવાની હિલચાલને બિલકુલ વાજબી ગણી શકાય છે. બાળ લગ્ન એક પ્રકારથી અભિશાપ છે જે બાબત તો તમામ લોકો જાણે છે. આવી સ્થિતીમાં સાર્થક જે કઇ પણ સુચનો સમાજના લોકો તરફથી મળે તેને અમલી કરવાની જરૂર છે. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના બાળ લગ્ન પર બનેલા ગ્રુપ દ્વારા કરવામાં આવેલા સુચનો સ્વાગતરૂપ છે. તેને અમલી કરવામાં કોઇ તકલીફ નથી. કારણ કે આના કારણે જુના દુષણને રોકવામાં કેટલીક હદ સુધી સફળતા મળશે.


બાળ લગ્ન અભિશાપમાંથી મુક્તિ મળી શકે તે દિશામાં તમામ પગલાઓ જરૂરી

શક્તિશાળી વૈશ્વિક મંચ હોવા છતાં યુએન નિષ્ક્રિય છે ત્યારે હવે...

ત્રાસવાદી કેમ્પોનો સફાયો કરવા માંગ

સીઆરપીએફ કાફલા પર હુમલો કરાયા બાદ ભારત તાકાતનો પરિચય આપીને ત્રાસવાદી કેમ્પોનો સફાયો કરે તેવી નારાજ લોકોની માંગ

જમ્મુ કાશ્મીરમાં પુલવામાં વિસ્તારમાં સીઆરપીએફના કાફલા પર હુમલો કરવામાં આવ્યા બાદ દેશના લોકોમાં જોરદાર નારાજગી છે અને લોકો પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં સ્થિત ત્રાસવાદી કેમ્પોનો સફાયો કરવામાં આવે તેમ ઇચ્છે છે. સંયુક્ત રાષ્ટ્રનુ વલણ ઉદાસીન દેખાઇ રહ્યુ છે ત્યારે ભારતને પોતાની તાકાતનો પરિચય આપીને કાર્યવાહી કરવાની જરૂર છે. વિશ્વના દેશો ભારતની તરફેણમાં હોવાન પ્રતિક્રિયા આપી રહ્યા છે. જો કે સંયુક્ત રાષ્ટ્ર તરફથી હજુ સુધી કોઇ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. તમામ લોકો અને સંરક્ષણ નિષ્ણાંતો માને છે કે યુએનનુ વલણ ભારત અને અન્ય દેશો પ્રત્યે અલગ પ્રકારનુ અને યુરોપિયન દેશો પ્રત્યે અલગ પ્રકારનુ રહે છે. યુરોપના કોઇ દેશ પર હુમલો કરવામાં આવે છે ત્યારે તરત જ પ્રતિક્રિયા આવે છે પરંતુ ભારત પર કેટલાક હુમલા થયા હોવા છતાં શક્તિશાળી સંગઠનનુ વલણ ઉદાસીન રહ્યુ છે. હાલના વર્ષોમાં નરેન્દ્ર મોદીએ એકપછી એક દેશમાં પ્રવાસ કરીને ત્રાસવાદના મુદ્દા પર જોરદાર રીતે રજૂઆત કરી હોવા છતાં તેની અસર દેખાઇ રહી નથી તેવા સંકેત હવે મળી રહ્યા છે. કારણ કે ત્રાસવાદીઓ અને અપરાધીઓને શરણ આપનાર તેમજ તેમને પ્રોત્સાહન આપનાર પાકિસ્તાનની સામે વૈશ્વિક સમુદાય કોઇ નક્કર પગલા લેવામાં નિષ્ફળ છે. અમેરિકા સહિતના દેશોએ કેટલાક પગલા લીધા હોવા છતાં આટલા પગલા પુરતા નથી. પાકિસ્તાનમાં દુનિયામાં સૌથી ખતરનાક ત્રાસવાદીઓ છુપાયેલા છે. આ બાબત તો તમામ જાણે છે. સંયુક્ત રાષ્ટ્ર જેવી શક્તિશાળી સંસ્થા પણ પાકિસ્તાન પર ત્રાસવાદના મુદ્દા પર કોઇ અસરકારક દબાણ લાવી શકી નથી. યુરોપિયન દેશોનુ વલણ પણ ઉદાસીન રહ્યુ છે. આજ કારણ છે કે ભારત ઉપરાંત યુરોપના દેશો પણ ત્રાસવાદનો શિકાર થઇ રહ્યા છે. ખરાબ અને સારા ત્રાસવાદની વચ્ચે વૈશ્વિક દેશો અટવાયા છે. પાકિસ્તાનની ભાષામાં હવે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પણ વાત કરી રહી છે. મોદીએ એકપછી એક વિદેશ યાત્રા કરીને ત્રાસવાદના મુદ્દા પર વાત કરી છે અને વિશ્વના દેશોને તેમની પસંદગીની નિતીને ભુલીને એક મંચ પર આવવાની વાત કરી હોવા છતાં તેની અસર દેખાઇ રહી નથી. ભારત સરકારે સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટને ફગાવી દીધો હોવા છતાં રાજદ્વારી મોરચે ભારત સરકારની નિષ્ફળતાને આ બાબત પુરવાર કરે છે. સંયુક્ત રાષ્ટ્રના એક પૂર્વગ્રહગ્રસ્ત રિપોર્ટના કારણે માનવ અધિકારના મોરચે ભારત સરકારને ખુલાસા કરવાની ફરજ પડી રહી છે. વિશ્વના દેશો ત્રાસવાદના મુદ્દા પર સહમત થઇ રહ્યા નથી ત્યારે



ભારત સરકારે ત્રાસવાદી નેટવર્કને ખતમ કરવા પોતાની રીપોર્ટના આધાર પર કામ કરવાની જરૂર છે. ત્રાસવાદી અડ્ડા ફુંકી મારવા માટે કાર્યવાહી કરવાની જરૂર છે. શક્તિશાળી દેશ અને પુરતા સંશાધન હોવા છતાં ત્રાસવાદના મોરચે ઉદાસીન વલણ ભારતીય લોકોને નિરાશ કરે છે. સમગ્ર કાશ્મીર ભારતના એક અખંડ હિસ્સા તરીકે છે. વિદેશ મંત્રાલયનું કહેવું છે કે, સંયુક્ત રાષ્ટ્ર સહિત સમગ્ર દુનિયાને ભારત ફરી એકવાર યાદ અપાવવા માંગે છે કે, સમગ્ર જમ્મુ કાશ્મીર ભારતનો એક અખંડ ભાગ છે. પાકિસ્તાને ભારતના એક હિસ્સા પર બળજબરીપૂર્વક કબજો કરેલો છે. સંયુક્ત રાષ્ટ્રના આ અહેવાલ બાદ આને લઈને રાજકીય રમત પણ શરૂ થાય તેવી શકયતા છે. જો કે, વિદેશ મંત્રાલય તરફથી પહેલા જ યુએનના એવા અહેવાલને ફગાવી દેવામાં આવ્યો છે કે કાશ્મીરી લોકોના અધિકાર સાથે ચેડા કરવામાં આવે છે. અહેવાલને ફગાવી દેવાતા વિવાદ થવાની શક્યતા હાલમાં ઓછી દેખાઈ રહી છે. ત્રાસવાદને પ્રોત્સાહન આપનાર પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ચાલી રહેલા ત્રાસવાદી કેમ્પોનો સફાયો કરવાની આક્રમક રણનિતી તૈયાર કરવાની જરૂર છે. ત્રાસવાદીઓના ફંડિગ પર બ્રેક મુકવા વધારે નક્કર પગલા લેવાની જરૂરિયાત દેખાઈ રહી છે. ત્રાસવાદીઓ સામે સતત નિર્ણાયક કાર્યવાહી કરવામાં આવે તો તેમનો ખાતમો શક્ય છે. ત્રાસવાદના મુદ્દે જો હાલની નિતી રહેશે તો રક્તપાત જારી રહેશે સાથે સાથે મોદીની કઠોર નેતા તરીકેની પ્રતિષ્ઠા પણ ખરડાશે. જે તેમના પોતાના માટે પણ રાજકીય રીતે સારી રહેશે નહીં. મોદીની છાપ ભારતીય લોકોમાં એક આક્રમક નેતા તરીકેની રહી છે. આ છાપના કારણે જ તેમને વર્ષ ૨૦૧૪માં લોકોએ પ્રચંડ સત્તા આપી હતી. હવે તેમની કસોટી છે. પુલવામા ખાતે હુમલો કરવામાં આવ્યા બાદ ભારત પોતાની તાકાતનો પરિચય આપે તેમ લોકો હાલમાં પ્રબળ રીતે ઇચ્છે છે.

તમામ યોજનાના લાભ ન મળવાના કારણે ખેડુત આંદોલન જારી...

હરિયાણાની રાજનીતિ હવે બદલાઇ

કોંગ્રેસ અને આઇએનએલડી જેવી પાર્ટીની તાકાત હાલના વર્ષોમાં ઘટી છે જ્યારે ભાજપે સ્થિતી સુધારી : દરેક સીટ પર અલગ સમીકરણ છે

હરિયાણાની રાજનિતીની જ્યારે પણ વાત થાય છે ત્યારે બે પાર્ટીઓના હનન અને ત્રણ પાર્ટીઓના લાલોના પ્રભુત્વની વાત આવે છે. પાર્ટ એટલે કે કોંગ્રેસ અને આઇએનએલડી અને ત્રણ લાલ એટલે ચૌધરી દેવીલાલ, બંશીલાલ અને ભજનલાલનો સમાવેશ થાય છે. આ ત્રણેય લાલની જુદા જુદા ક્ષેત્રોમાં બોલબાલા રહેતી હતી. હિસાર વિસ્તારમાં ભજનલાલનુ પ્રભુત્વ રહેતુ હતુ. ભિવાનીમાં બંશીલાલનુ પ્રભુત્વ રહેતુ હતુ અને સિરસામાં ચૌધરી દેવીલાલનુ પ્રભુત્વ રહેતુ હતુ. સમયની સાથે સાથે હવે દરેક ચીજો બદલાઇ ગઇ છે. હરિયાણાની રાજનીતિ પણ હવે બદલાઇ ગઇ છથે. કોઇ સમય કોંગ્રેસ અને આઇએનએલડી વચ્ચે સીધી સ્પર્ધા રહેતી હતી. તમામ રાજકીય લોકો આ દ્વન્દ્વમાં રહેતા હતા. હવે ભારતીય જનતા પાર્ટીએ અહી સ્પર્ધા ત્રિકોણીય બનાવી દીધી છે. આઇએનએલડી બે ભાગમાં વિભાજિત થયા બાદ તેની તાકાત ઘટી ગઇ છે. કોંગ્રેસ પાર્ટીની હાલત પણ ખરાબ થઇ ગઇ છે.



આઇએનએલડીની છાવણીમાંથી નિકળી ચુકેલા જનનાયક જનતા પાર્ટીના યુવાનો એક અલગ અને સ્વચ્છ રાજનીતિ રમી રહ્યા છે. કોઇ સમય ચોટાલાના ગામમાં અને બંગલાની બહાર પરિવારના સભ્યો સિવાય અન્ય કોઇના ફોટો દેખાતા ન હતા હવે સ્થિતી બદલાઇ ગઇ છે. હવે ગામના ગેટ પર જ લગાવવામાં આવેલા ખટ્ટરના પોસ્ટરથી સાબિત થઇ જાય છે કે રાજનીતિની દિશા અને દશા હવે સંપૂર્ણપણે બદલાઇ ગઇ છે. હવે ન માફિયા રાજ છે અને ન ગુન્ડારાજ છે. રાજ્યની શાંતિની તસ્વીર અને પોલીસ સ્ટેશનમાં થયેલી ઓછી રિપોર્ટ પણ દર્શાવે છે કે હરિયાણામાં સારી સ્થિત જોવા મળી રહી છે. આ વખતે ચૂંટણી ભલે હરિયાણમા જાતિ આધારિત દેખાઇ રહી છથે. પરંતુ સીધી ટક્કર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાર્ટી અને વડાપ્રધાનની મુખ્ય વિરોધી પાર્ટી એટલે કે કોંગ્રેસ વચ્ચે દેખાય છે. કારણ કે છે કે આ વખતે ત્રિકોણીય સ્પર્ધા હોવા છતાં અન્ય કોઇ મેદાનમાં દેખાતા નથી. હરિયાણાની રાજનીતિમાં કોઇ સમય ચાવીરૂપ ભૂમિકા અદા કરનાર જાટ સમુદાયના લોકો હવે તેમની તાકાતને ફરી હાંસલ કરવામાં લાગેલા છે. હરિયાણામાં આ વખતે દરેક પાર્ટી ભાજપની સામે લડતી નજરે પડે છે. જે સત્તાના સ્વાદ ચાખી ચુક્યા છે તે સત્તા જાળવી રાખવા અને ફરી હાંસલ કરવાના પ્રયાસમાં લાગેલા છે. દરેક સીટના જુદા જુદા સમીકરણ રાજકીય પંડિતો બેસાડી રહ્યા છે. ભાજપે સામાન્ય રીતે તો થોડાક સમય પહેલા યોજાયેલી તમામ નગર નિગમની ચૂંટણીમાં શાનદાર જીત મેળવી હતી. સંદેશો પણ ગયો હતો કે ભારતીય જનતા પાર્ટી વધુને વધુ મજબુત થઇ રહી છે. જિન્દમાં પણ જીત થઇ હત. જાટ અને નોન જાટ સમુદાય વચ્ચે લડાઇ વધી રહી છે. આ પ્રકારની લડાઇ વચ્ચે ભાજપે નોન જાટ સમુદાયના લોકોના વ્યક્તિને મુખ્યપ્રધાન બનાવીને પહેલાથી જ ચિત્ર બદલી દેવાના પ્રયાસમાં સફળ રહ્યા છે. ખટ્ટર સરકાર હરિયાણામાં નિષ્પક્ષ કામ કરી રહી છે. જેના કારણે તેમની સ્થિતી વધારે સારી બની રહી છે. રોહતકની વાત કરવામાં આવે તો ભુપેન્દ્ર સિંહ હુડ્ડા ભલે ત્યાં પોતાના વોર્ડના ઉમેદવારને જ જીતાવી શક્યા નથી પરંતુ મોદીની આંધીમાં પણ મજબુતી સાથે ઉભેલા દેખાયા હતા. રાજ્યની રાજનીતિના જાણકાર લોકો કહે છે કે હુડ્ડાએ મેયર પદની ચૂંટણીને લઇને જાણી જોઇને નજર અંદાજ કરી હતી. કારણ કે હિસારના વેપારી પરિવારના જમાઇનો મામલો હતો. હવે અહીં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધી ટક્કર છે. ભિવાનીમાં ભાજપનુ ખાતુ ખોલાઇ ગયુ હતુ. જો કે આ વખતે ઉમેદવારના અસંતોષના કારણે સ્થિતી કેટલાક અંશે નબળી પડી હતી. હરિયાણામાં સિરસા ખાતે આ વખતે ટક્કર રોમાંચક રહેનાર છે. અહીં આઇએનએલડી, જેજેપી અને કોંગ્રેસ વચ્ચે સ્પર્ધા છે. આ ત્રિકોણીય સ્પર્ધામાં કોણ જીતે છે તે બાબત પર તમામની નજર રહેશે., મોટા ભાગના વિસ્તારોમાં લડાઇ ત્રિકોણીય રહેનાર છે. ગુરુગ્રામમાં સીધી ટક્કર થનાર છે. અંબાલા અને કુરુક્ષેત્રમા સ્પર્ધા રોચક છે.

પાકિસ્તાન સામે એક્શનની શરૂઆત



પાકિસ્તાન સામે બહુપાંખિય કાર્યવાહી કરવાની તાકીદની જરૂર : મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો પાછો ખેંચી લેવાયા બાદ પાકિસ્તાનની કમર તુટશે : હજુ એકલુ પાડી દેવા માટે વધુ આક્રમક પગલાની જરૂર છે

જમ્મુ કાશ્મીરમાં અવંતીપુરામાં સીઆરપીએફના કાફલા પર ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ આખરે પાકિસ્તાનને આપવામાં આવેલા મોસ્ટ ફેવર્ડ નેશનના દરજ્જાને પરત ખેંચી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.પાસ્તિાન સામે એક્શનની શરૂઆત તો થઇ ગઇ છે. જો કે હજુ પાકિસ્તાનને એકલુ પાડી દેવા માટે વધારે આક્રમક રીતે આગળ વધવાની જરૂર છે. વિશ્વના દેશો સહાય રોકે તે દિશામાં પહેલ અસરકારક રહેશે. પાકિસ્તાનમાં છુપાયેલા ત્રાસવાદીઓ અને અપરાધીઓ સામે નક્કર કાર્યવાહી જરૂરી બની ગઇ છે. અમેરિકા સહિતના દેશો પર તીવ્ર દબાણ લાવવાની જરૂર પણ છે. ભારતે પાકિસ્તાન સામે પ્રથમ એક્શન તરીકે આ નિર્ણય કરીને તમામની અપેક્ષા પૂર્ણ કરી છે. આ સંબંધમાં વાત કરવામાં આવે તો આંકડા દર્શાવે છે કે ડબલ્યુટીઓના કુલ ૧૬૪ સભ્ય દેશો છે. જેમાં દુનિયાના વેપાર પૈકી ૯૮ ટકા વેપાર થાય છે. ભારતે વર્ષ ૧૯૯૬માં પાકિસ્તાનને આ દરજ્જો આપ્યો હતો. અનેક પ્રકારના ઉતારચઢાવ હોવા છતાં આ દરજ્જો જાળવી રાખવામાં આવ્યો હતો. બીજી બાજુ પાકિસ્તાનમાં ૨૦૧૧માં ભારતને આ દરજ્જો આપવાની વાત કરવામાં આવી હતી પરંતુ તેને અમલ કરવાનો નિર્ણય કરાવી શકાયો ન હતો. તમામ લોકો સારી રીતે જાણે છે કે આ દરજ્જો મેળવી લેનાર દેશને વેપાર સંબંધી સુવિધા મળે છે. પાકિસ્તાન એવા કેટલાક દેશમાં સામેલ છે જ્યાં ભારત નિકાસ સૌથી વધારે કરે છે. વર્ષ ૨૦૧૭-૧૮માં ભારતે પાકિસ્તાનને ૩૫૦૦ કરોડ રૂપિયાની આયાત કરી હતી. જ્યારે નિકાસનો આંકડો ૧૩૬૯૭ રહ્યો હતો. હકીકતમાં એમએફએનનો દરજ્જો એક આર્થિક દરજ્જો છે જેને બે દેશો વચ્ચે થનાર મુક્ત વેપાર સમજૂતિ હેઠળ આપવાની જોગવાઇ છે. કોઇ દેશ જે કોઇ દેશને આ દરજ્જો આપે છે એવા દેશને એવા તમામની સાથે વેપારની શરતો એક સમાન રાખવી પડે છે. જે દેશોને એમએફએનનો દરજ્જો આપવામાં આવે છે તેમને વેપારમાં અન્ય દેશોની સરખામણીમાં ઓછા ચાર્જ, વધારે વ્યાપારિક સુવિધા અને સૌથી વધારે આયાતના ક્વોટાની સુવિધા આપવામાં આવે છે. આનો ઉપયોગ લોન એગ્રિમેન્ટ અને કોમર્શિયલ ટ્રાન્ઝીક્શનમાં પણ થાય છે. લોન એગ્રિમેન્ટ હેઠળ કોઇ એમએફએનના દરજ્જા ધરાવતા દેશ માટે નક્કી કરવામાં આવેલા વ્યાજદરથી ઓછા દર પર અન્ય કોઇ સામાન્ય દેશને ઓફર કરી શકાય નહીં. કોમર્શિયલ ટ્રાન્ઝીક્શનના મામલામાં મોસ્ટ ફેવર્ડ નેશનના દરજ્જાને લઇને સસ્તી ડિલ થાય છે. અન્ય દેશો સાથે આ પ્રકારની સુવિધા રહેતી નથી. નાના અને વિકાસશીલ દેશો માટે આ દરજ્જો ખુબ મહત્વપૂર્ણ હોય છે. પુલવામા હુમલાની જવાબદારી સ્વીકારનાર જૈશે મોહમ્મદ જેવા આતંકવાદી સંગઠનો માટે સુરક્ષિત સ્થળ બની ગયેલા પાકિસ્તાનને બોધપાઠ ભણાવવાના હેતુસર આ પગલુ લેવામાં આવ્યું છે. પાકિસ્તાન સાથે ભારતના દ્વિપક્ષીય વેપાર વૈશ્વિક વેપારના ૦.૩ ટકાની આસપાસ છે. વૈશ્વિક કારોબાર ૭૬૯ અબજ ડોલરનો છે. પાકિસ્તાન સાથે વેપાર વારંવાર ખોરવાતો રહ્યો છે. ૧૯૯૬માં પાકિસ્તાનને આ દરજ્જો અપાયો હતો ત્યારબાદ ભારતમાં પાકિસ્તાનની નિકાસ હંમેશા ઓછી રહી છે. પાકિસ્તાન ભારતની સરખામણીમાં અફઘાનિસ્તાનના ત્રણ ગણી વધુ ચીજો અને ચીનમાં પાંચ ગણી ચીજોની નિકાસ કરે છે જ્યારે ભારતના નિકાસકારો પાકિસ્તાનમાં કારોબારીઓ કરતા પાંચ ગણી વધુ કમાણી કરે છે. નાના અને વિકાસશીલ દેશો માટે એમએફએનનો દરજ્જો અનેકરીતે મહત્વપૂર્ણ હોય છે. આના કારણે તેમની મોટા માર્કેટ સુધી ઓળખ બને છે. તેમને સસ્તામાં વસ્તુ આયાત કરવાની તક મળે છે. નિકાસમાં પણ ખર્ચ ઘટી જાય છે. કારણ કે, આવા દેશો ઉપર અન્યોની સરખામણીમાં ઓછા ચાર્જ લેવામાં આવે છે. આનાથી નાના દેશોને પણ નિકાસ કરવામાં મદદ મળે છે. ભારતે ડબલ્યુટીઓની રચના થયા બાદ પાકિસ્તાનને આ દરજ્જો આપ્યો હતો પરંતુ પાકિસ્તાને ભારતને આ દરજ્જો આપ્યો નથી. હવે પાકિસ્તાનથી આયાત કરવામાં આવતી ચીજવસ્તુઓ ઉપર ભારત પોતાની ઇચ્છાથી કસ્ટમ ડ્યુટી વધારી શકશે. જુદા જુદા દેશોની વાત કરવામાં આવે તો ભારત ભુટાનની સાથે વાર્ષિક ૮૭૨૩ કરોડનો વેપાર કરે છે. પાકિસ્તાન સાથે આ ગાળામાં કારોબાર ૧૭૨૦૦ કરોડનો રહ્યો છે. ૧૮૦૦૦ કરોડનો કારોબાર હાલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે છે. ડબલ્યુટીઓના આર્ટિકલ ૨૧બીમાં કહેવામાં આવ્યુ છે કે જ્યારે સુરક્ષા સાથે સંબંધિત ગંભીર મામલા હોય ત્યારે આ દરજ્જાને પરત લઇ શકાય છે. જો કે આના માટે તમામ શરતોને પૂર્ણ કરવાની હોય છે. ભારત પાકિસ્તાનન કેટલીક ચીજો માટે તેના દરવાજાને બંધ કરી શકે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે સિમેન્ટ, કોટન, શાકભાજી, ફળ મિનરલ ડ્રાયફ્રુટસનો કારોબાર થાય છે.

શું ટાઈગર શ્રોફ અને દિશાએ ચૂપચાપ સગાઈ કરી લીધી છે ?

મુંબઈ

ટાઈગર શ્રોફ આવનાર દિવસમાં વીડિયો અને તસવીર સોશિયલ મીડિયા પર શેર કરે છે. કોઈ વીડિયોમાં ડાન્સ કરી રહ્યો હોય તો અન્ય વીડિયોમાં એક્સરસાઈઝ કરતો નજર આવે છે. પરંતુ આ વખતે ટાઈગરે આ તસવીર શેર કરી છે, જેને જોયા અને જાણ્યા બાદ તમે પણ વિચારવા મજબુર થઈ જશો.

થોડા દિવસોથી મીડિયા સામે સમાચાર આવી રહ્યા છે કે દિશા પટણી અને ટાઈગર શ્રોફ રિલેશનશિપમાં છે. અનેક વખત બંને એક સાથે જોવા મળ્યાં છે. ટાઈગરનો પરિવાર પણ દિશાને ખૂબ પસંદ કરે છે. બંનેએ ફિલ્મ 'બાગી ૨' પણ કરી. દીપિકા અને રણવીરની પાર્ટીમાં પણ બન્ને એકસાથે નજર આવ્યા



હતા અને હવે ટાઈગરે એક તસવીર શેર કરી છે જેમાં તે રિંગ પહેરાવતો નજર આવી રહ્યો છે. તે આ રિંગને ચુંબન કરે છે. આ તસવીર શેર કરીને ટાઈગરે કેપ્શનમાં લખ્યું કે, 'હું કમિટેડ છું'.

ટાઈગર સાથે દિશાએ પણ તેના ટ્વીટર એકાઉન્ટ પર ખાસ અંદાજમાં કંઈક આવી તસવીર શેર કરી છે. તે પણ રિંગને ચુંબન કરતી નજર આવી રહી છે.આ તસવીરને શેર કરીને દિશાએ કેપ્શનમાં લખ્યું છે કે, કોઈએ મને પ્રશ્ન પૂછ્યો અને મેં હા કહ્યું છે.

હવે એવો અંદાજ લગાવો કે બન્નેએ સગાઈ કરી લીધી છે કે નહીં. કારણ કે આવી તસવીરો શેર કર્યા પછી કોઈ પણ આ કહેશે. આ તસવીરથી એ પણ અંદાજ લગાવી શકાય કે બન્ને જલ્દી લગ્નના પવિત્ર બંધનમાં બંધાશે.

રાની પોલીસ સુપ્રિટેન્ડન્ટની ભૂમિકામાં ગુંડાનો સામનો કરશે



નવીદિલ્હી,

બોલીવુડ અભિનેત્રી રાની મુખર્જીએ પોતાની ફિલ્મ મર્દાનીમાં એક શાનદાર ભૂમિકા ભજવી હતી જેમાં તેણે એક બાળ તસ્કરી રેકેટના ડોનનો ખાત્મો કર્યો હતો હવે આ ફિલ્મની સીકલવ બનાવવામાં આવી રહીછે જેમાં રાની એક પોલીસ સુપરિંટેંડેંટના રૂપમાં જોવા મળશે જે ૨૧ વર્ષના એક ખુખાર વિલેનની સાથે લડાઈ કરતી નજરે પડશે. દર્શન પણ મર્દાની-૨ ફિલ્મો લાંબા સમયથી રાહ જોઈ રહ્યાં છે. મળતી માહિતી અનુસાર રાની ૧૮ માર્ચે આ ફિલ્મની શુટીંગ શરૂ કરશે.

ફિલ્મ સાથે નજીકથી જોડાયેલા સુત્રોના જણાવ્યા અનુસાર મર્દાની ૨ની શુટીંગ માર્ચમાં મુંબઈમાં શરૂ થશે અને આ એક નાનો કાર્યક્રમ હશે રાની ખુદ પણ તેને શરૂ કરવા માટે ખુબ આતુર છે અને શિવાની રોયના રૂપમાં તેમણે ફરીથી જોવું ખુબ રોમાંચકકારી હશે આ વખતે તે એક ૨૧ વર્ષના શાતિર વિલેનનો સામનો કરશે જેના મનમાં કોઈ દયા અથવા સહાનુભૂતિ નથી આ એવી ફિલ્મ હશે જે દર્શનોને બાંધી રાખશે અને તેમને નિશ્ચિત રીતે પસંદ કરવામાં આવશે એ યાદ રહે કે આદિત્ય ચોપડા દ્વારા નિર્મિત આ ફિલ્મ બ્લોકબસ્ટર હિચકી બાદ રાનીની આગામી ફિલ્મ હશે માર્ગાની ૨ને પહેલી મર્દાની ફિલ્મના લેખક ગોપી પુથુન નિર્દેશત કરનાર છે.

મુખર્જી મર્દાનીમાં શાનદાર ભૂમિકા ભજવ્યા બાદ મર્દાની-૨માં નજરે પડશે : ફિલ્મનું શૂટીંગ ૧૮ માર્ચેથી શરૂ કરાશે

પ્રભાસ અને સલમાનને એક સાથે ચમકાવવા તૈયાારીઓ

મુંબઈ

બાહુબલી સિરિઝની ફિલ્મને રેકોર્ડ સફળતા મળ્યા બાદ દક્ષિણ ભારતના સુપરસ્ટાર પ્રભાસ સાથે કામ કરવા માટે હિન્દી ફિલ્મ નિર્માતા ખુબ ઉત્સુક દેખાઈ રહ્યા છે. હવે એવી ચર્ચા શરૂ થઈ છે કે પ્રભાસને લઈન મોટી ફિલ્મ બનાવવા માટે રોહિત શેટ્ટીએ તૈયારી હાથ ધરી છે. આ ફિલ્મમાં પ્રભાસની સાથે સાથે દબંગ સ્ટાર સલમાન ખાનને પણ ચમકાવવામાં આવનાર છે. બન્નેને મોટી ભૂમિકા આપવા રોહિત શેટ્ટી વિચારી રહ્યા છે. રોહિત શટ્ટી એક્શન ફિલ્મ બનાવવા માટે જાણીતા રહ્યા છે. સુત્રોના કહેવા મુજબ સલમાન અને પ્રભાસ હવે એક સાથે જોવા મળી શકે છે. જો બોલિવુડના લોકપ્રિય ફિલ્મ નિર્દેશક રોહિત શેટ્ટી બન્નેને સાથે લઈને ફિલ્મ બનાવવા સફળ રહેશે તો જંગી નાણાં પાણીની જેમ નાંખવા પડી શકે છે. જો અફવા પર વિશ્વાસ કરવામાં આવે તો પ્રભાસ ૮૦ કરોડ રૂપિયા ચાર્જ લઈ રહ્યો છે. નિર્માતા નિર્દેશક કરણ જોહર પણ પ્રભાસની સાથે ફિલ્મ બનાવવા વિચારી રહ્યા છે. જો કે છેલ્લે આ બાબત અફવા



રોહિત શેટ્ટી દ્વારા બન્નેને સાથે લઈને ફિલ્મ કરવા તૈયારી

સાબિત થઈ હતી. બાહુબલીમાં શાનદાર એન્ટ્રી બાદ તેની બોલબાલા દેખાઈ રહી છે. બીજી બાજુ મળેલી માહિતી મુજબ પ્રભાસ પોતાની આગામી ફિલ્મ જે દક્ષિણ ભારતની છે તે સાહુ ફિલ્મના શુટિંગમાં વ્યસ્ત થઈ ગયો છે. નિર્દેશક સુજીત ૧૫૦ કરોડના બજેટ સાથે આ ફિલ્મ બનાવી રહ્યા છે.સલમાન અને પ્રભાસ તરફથી રોહિત શેટ્ટીની ફિલ્મને લઈને કોઈ વાત કરવામાં આવી નથી. બન્ને હાલના સૌથી મોટા સ્ટાર તરીકે છે. સુપરસ્ટાર બની ગયેલા પ્રભાસની બોલબાલા ચારેબાજુ દેખાઈ રહી છે. ટુંકમાં કોઈ જાહેરાત થઈ શકે છે. સલમાન ખાન સાથે ફિલ્મ કરવાને લઈને રોહિત શેટ્ટીએ હાલમાં વાત કરી હતી. સલમાને પણ પોલીસ અધિકારીની ભૂમિકા અદા કરવા માટેની તૈયારી દર્શાવી છે. હાલમાં પ્રભાસ સાહોને લઈને વ્યસ્ત બનેલો છે.

પાનિપત ફિલ્મને લઈને હાલ કૃતિ મરાઠી શિખે છે : રિપોર્ટ

મુંબઈ

બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી કૃતિ સનુન હાલના દિવસોમાં મરાઠી ભાષા શિખી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ તે પાનિપત ફિલ્મમાં કામ કરી રહી છે. જેના કારણે તે મરાઠી ભાષા શિખી રહી છે. કૃતિ ગંભીરતાપર્વક ધ્યાન આપી રહી છે. કૃતિ હાલમાં પોતાની નવી ફિલ્મ લુકાછુપીને લઈને પ્રમોશનમાં વ્યસ્ત છે. આ ફિલ્મ બાદ તે આશુતોષ ગોવારીકરની મોટી ફિલ્મ પાનિપતમાં કામ કરવા જઈ રહી છે. ફિલ્મમાં તેની પાસે મોટી ભૂમિકા આવી ગઈ છે. જેથી તે તૈયારીમાં લાગી ગઈ છે. જાણકારી મુજબ ફિલ્મમાં તે મરાઠા યોદ્ધા સદાશિવ રાવની પત્નિ પાર્વતી બાઈના રોલમાં નજરે પડનાર છે. સદાશિવ રાવે પાનિપત યુદ્ધમાં અફઘાનિસ્તાનના શાસકો સામે લડાઈ લડી હતી. પોતાની તૈયારી અંગે વાત કરતા કૃતિ કહે છે કે તે નોર્થ ઈન્ડિયન પંજાબી યુવતિ છે. જેથી તેના માટે મરાઠી ફિલ્મમાં કામ કરવાની બાબત સરળ ન હતી. જેથી તે હાલમાં મરાઠી ભાષા શિખી રહી છે. જો કોઈ વ્યક્તિ સેટ પર મરાઠી ભાષા બોલે છે તો તે તેના મલતબ લઈને માહિતી મેળવતી રહે છે. કૃતિનુ કહેવુ છે કે તે ફિલ્મને લઈને આશાવાદી છે. આ ફિલ્મ પિરિયડ ડ્રામા ફિલ્મ છે. આશુતોષ મોટા ભાગે ઈતિહાસ પર આધારિત ફિલ્મ બનાવવા માટે જાણીતા રહ્યા છે. તેમની ફિલ્મો સુપરહિટ પણ સાબિત થઈ છે.

મરાઠી ટિચરની સાથે તે ભાષા પર પ્રભુત્વ જમાવવા માટે પ્રયાસ કરી રહી છે. ફિલ્મમાં કૃતિ ઉપરાંત અર્જુન કપુર, સંજય દત્ત પણ કામ કરનાર છે. મોટા સ્ટાર સાથે રોલ કરવાને લઈને તે આશાવાદી છે. ફિલ્મ મામલે જાણકાર લોકોનુ કહેવુ છે કે વહેલી તકે ફિલ્મનુ શુટિંગ રવામાં આવનાર છે.



કૃતિ ફિલ્મમાં પાવર્તી બાઈના રોલમાં નજરે પડનાર છે

'હિન્દી મીડિયમ-૨'માં શાહરુખ ખાનની એન્ટ્રી..?!!



મુંબઈ

ટૂંક સમયમાં 'હિન્દી મીડિયમ ૨' માટે ઓફિશિયલ એનાઉન્સમેન્ટ કરવામાં આવશે. ફિલ્મમાં ઈરફાન ખાન લીડ રોલમાં હશે. ફિમેલ લીડ માટે હજુ કોઈ એક્ટ્રેસને પસંદ કરવામાં આવી નથી. આ ફિલ્મ સિવાય પ્રોડ્યૂસર દિનેશ વિજન પોતાના એક અન્ય પ્રોજેક્ટ વિશે પણ વહેલી તકે અનાઉન્સમેન્ટ કરશે.

ગયા વર્ષે આવેલી સુપરહિટ ફિલ્મ 'સ્ત્રી'ના બીજા ભાગને લઈને અત્યારે ઘણી ચર્ચાઓ ચાલી રહી છે, પરંતુ દિનેશે ક્લિઅર કર્યું કે, તેની સિક્વલમાં હજુ સમય લાગશે.

ફિલ્મમેકર દિનેશ વિજને જણાવ્યું કે, 'ઈરફાન વિના ફિલ્મની સિક્વલ શક્ય નથી. અત્યારે કશું કહેવા નથી માગતો પણ એટલું કહીશ કે આવતા મહિને એટલે કે હોળી સુધીમાં ફિલ્મ વિશે ઓફિશિયલ એનાઉન્સમેન્ટ કરીશું. આ વખતે વાર્તાનો સ્કેલ વધારે બ્રોડ હશે. મૂળ વાર્તા દિલ્હીના બેકડ્રોપમાં હતી પણ આ વખતે અમારી વાર્તા અમેરિકામાં સેટ છે. ભારતમાંથી ઘણા સ્ટુડન્ટ્સ ત્યાં ભણવા જાય છે. ઘણીવાર તેમણે અલગ-અલગ મુશ્કેલીઓ વેઠવી પડે છે. આ સાથે જ ત્યાંની યુનિવર્સિટીસમાં એડમિશન લેવામાં પણ ઘણી મુશ્કેલીઓ પડે છે. આ બાબતે અમારો પણ અલગ ટેક હશે. સાથે જ ઈન્ડિયન એજ્યુકેશનના મુદ્દાને પણ ઉઠાવીશું. એજ્યુકેશનનો ટોપિક યુનિવર્સલ છે. જેની સાથે ભારત સહિતના અન્ય દેશોના સ્ટુડન્ટ્સ પણ આસાનીથી કનેક્ટ કરે છે.' ફિલ્મમાં શાહરુખ હોવાની વાત પર દિનેશે કહ્યું, 'થોડી રાહ જુઓ. એક માહિનામાં બધી ડિટેલ્સ એનાઉન્સ કરીશું. એ ચોક્કસ કહીશ કે, આજની તારીખમાં એ વાત મહત્ત્વની થઈ ગઈ છે કે, જો સ્ક્રિપ્ટને સ્ટારનો સાથ મળે તો સફળતા અને કલેક્શન બંનેમાં કમાલ થાય છે.'

લગ્નના ત્રણ મહિનામાં જ પ્રિયંકા પ્રેગનન્ટ..?!!

મુંબઈ

પ્રિયંકા ચોપડા અને નિક જોનાસના લગ્નને હજી ત્રણેક મહિના થયા છે અને તેની પ્રેગનન્સીની ચર્ચા શરૂ થઈ ગઈ છે. ન્યુ યોર્ક ફેશન વીક માં પ્રિયંકાના અપિયરન્સ પછી આ ચર્ચાએ વધુ વેગ પકડ્યો છે. ન્યુયોર્ક ફેશન વીકમાં પ્રિયંકાને જોઈને બધાને લાગી રહ્યું છે કે તેનું પ્રથમ ટ્રાઈમેસ્ટર ચાલી રહ્યું છે. પ્રિયંકાએ આ વાતની કોઈ સત્તાવાર જાહેરાત નથી કરી પણ થોડા સમય પહેલાં રિપોર્ટર્સ સાથેની વાત કરી હતી કે તે 'ઓર્ગેનિક' રીતે માતા બનવા માંગે છે.

જો કે પ્રિયંકા-નિકના નજીકના મિત્રોએ પિંકવિલા સાથેની વાતચીતમાં જણાવ્યું કે બંને બાળકને આવકારવા આતુર છે. બંને પોતાના ભત્રીજાઓથી પણ ખૂબ ક્લોઝ છે અને તેમને ભરપૂર લાડ લડાવે છે. ન્યુ યોર્ક ફેશન વિકમાં તેના માઈકલ કોર્સના ફેશન શોનો લૂક જોઈને લોકોને લાગી રહ્યું છે કે તેનો બેબી બમ્પ દેખાય છે.

લગ્ન પછી તરત જ પ્રિયંકાના પતિએ પોતાના ફેમિલી પ્લાનિંગની વિગતો દુનિયા સામે જાહેર કરી દીધી હતી. એક ઈન્ટરવ્યૂમાં નિકે જણાવ્યું છે કે "હું ચોક્કસપણે એક દિવસ પિતા બનવા ઈચ્છું છું. મારું બાળપણ સપના જેવું હતું પણ અમે બહુ જલ્દી મોટા થઈ ગયા. હું બાળપણથી જ મારા જીવનના લક્ષ્ય માટે સ્પષ્ટ હતો. મેં નાની વયે ઘણું જોઈ લીધું છે અને હવે હું આ અનુભવોને બાળકો સાથે વહેંચવા માંગું છું."

લગ્નના ત્રણ મહિનામાં જ પ્રિયંકા પ્રેગનન્ટ..?!!

મુંબઈ

થોડા સમય પહેલાં કંગનાએ એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન બોલિવૂડ પરત્વે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. હવે લાગે છે કે કંગના બોલિવૂડમાં બધાને એક્સપોઝ કરવાના મૂડમાં છે. કંગનાની લેટેસ્ટ ફિલ્મ મણિકર્ણિકા બોક્સઓફિસ પર સારું પ્રદર્શન કરી રહી છે અને હવે કંગનાએ પોતાના જીવન પરની બાયોપિક એનાઉન્સ કરી છે અને એનું ડિરેક્શન કંગના પોતે જ કરશે. કંગનાના બોલિવૂડમાં મોટાભાગના લોકો સાથે વણસેલા સંબંધ છે અને આ કારણે અડધું બોલિવૂડ કંગનાની આ ફિલ્મથી ડરી રહ્યું છે.

મળતી માહિતી પ્રમાણે કંગનાએ પોતાના જીવન પરથી બનનારી ફિલ્મ માટે ટીમની પસંદગી કરી લીધી છે. ફિલ્મ બાહુબલી અને મણિકર્ણિકાના લેખક કેવી વિજેન્દ્ર આ બાયોપિકની વાર્તા લખશે તેમજ મણિકર્ણિકાની ટેકનિકલ ટીમ જ ફિલ્મનો ટેકનિકલ હિસ્સો સંભાળશે.

કંગનાએ દાવો કર્યો છે કે આ ફિલ્મ કોઈ પ્રોપેગંડા નથી. આ ફિલ્મમાં કંગનાની જિંદગી સાથે જોડાયેલા ઘટનાક્રમને દેખાડવાનો આવ્યો છે. કંગનાના જીવનમાં એવા અનેક સારા લોકો પણ છે જેણે તેને આગળ વધવાની પ્રેરણા આપી છે. આ લોકોને ફિલ્મમાં ખાસ સ્થાન આપવામાં આવશે. કંગના શરૂઆતમાં બહુ નર્વસ હતી પણ ૨૦૧૯ના ઓક્ટોબરમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દેવામાં આવશે.

કેવડિયા ખાતે રાજ્ય ચૂંટણી પંચના વડાઓની ૨૮મી અખિલ ભારતીય પરિષદનો ઓ.પી.કોહલીજીએ કરાવ્યો પ્રારંભ





ગુજરાતમાં યોજાયેલી આ ૨૮મી પરિષદનું વિચાર મંથન : દેશમાં સ્થાનિક સ્વરાજ્યની ચુનાવી પ્રક્રિયાને વધુ સમાવેશક બનાવવામાં ઉપયોગી નિવડશે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલા પ્રતિનિધિઓના નિર્વાચન માટે આરક્ષણની જોગવાઈથી મહિલાઓની સહભાગીદારી વધી છે અને સશકિતકરણને વેગ મળ્યો છે: રાજયપાલ

રાજપીપળા : રાજયપાલ ઓ.પી.કોહલીજીએ કેવડિયામાં વિશ્વની સહુથી વિરાટ સરદાર પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટીના સાંન્નિધ્યાં રમણીય ટેન્ટ સિટી ખાતે રાજય ચૂંટણી પંચના યજમાનપદે યોજાયેલી દેશના વિવિધ રાજ્યો અને સંઘપ્રદેશોના રાજય ચૂંટણી પંચોના કમિશનરોની ૨૮મી અખિલ ભારતીય પરિષદનો પ્રારંભ કરાવ્યો હતો. લોકશાહીનું આમૂલાગ્ર મજબૂતીકરણ અને મતદાર જાગૃતિ વિષયક આ પરિષદમાં દેશના ૨૨ રાજ્યોના રાજય ચૂંટણી પંચના કમિશનરો અને અધિકારીઓ ભાગ લઇ રહ્યા છે. રાજ્યપાલ સાથે પરિષદના દીપ પ્રાગટયમાં રાજ્યના મુખ્ય સચિવ જે.એન.સિંધ, ગુજરાત રાજ્ય ચૂંટણી પંચના વડા અને પરિષદ આયોજન સમિતિના અધ્યક્ષ ડૉ.વરેશ સિંહા તથા પરિષદ આયોજન સમિતિના સચિવ અને દિલ્હીના ચૂંટણી પંચના વડા એસ.કે.શ્રીવાસ્તવ તથા મહાનુભાવો જોડાયા હતા. રાજ્યપાલે ગુજરાત રાજ્ય ચૂંટણી પંચની મતદાર જાગૃતિ પ્રવુતિઓની ઝાંખી કરાવતા સ્વેપના દસ્તાવેજનું અને સને ૨૦૧૮ના આંકડાકિય અહેવાલનું આ પ્રસંગે વિમોચન પણ કર્યું હતું.

વિશાળ ભારત દેશમાં ૩ લાખથી વધુ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ અને ૩૦ લાખ જેટલા તેમાં નિર્વાચીત પ્રતિનિધિઓ છે તેનો ઉલ્લેખ કરતા રાજ્યપાલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં યોજાયેલી આ ૨૮મી પરિષદનું વિચાર મંથન દેશમાં ચૂનાવી પ્રક્રિયાને વધુ સમાવેશક બનાવવામાં ઉપયોગી નિવડશે અને તેના પરિણામે મહિલાઓ, યુવા સમુદાય, દિવ્યાંગજનો અને સીમાંત સમુદાયો સહિત તમામ જાતિ અને વર્ગોને સમાન પહોંચની વધુ ખાત્રી મળશે. તેમણે આ પરિષદ યોજવા માટે ગુજરાત રાજ્ય ચૂંટણી પંચને વિશેષ અભિનંદન આપ્યા હતા.

રાજ્યપાલે જણાવ્યું કે, દેશમાં છેલ્લા ૩૦ વર્ષ દરમિયાન સ્થાનિકદ સ્વરાજ્યની સંસ્થાઓનું અને તેના પ્રતિનિધિઓ પસંદ કરવાની નિર્વાચન પ્રક્રિયાનું નોંધપાત્ર મજબૂતીકરણ થયું છે. આ સંસ્થાઓમાં મહિલા પ્રતિનિધિઓના નિર્વાચન માટે આરક્ષણની જોગવાઈ એક અગત્યનું સીમાચિન્હ છે. જેનાથી મહિલા સશક્તિકરણને વેગ મળ્યો છે અને શાસનમાં તેમની સહભાગીદારી સુનિશ્ચિત થઈ છે.તેમણે જણાવ્યું કે, મતદાન યંત્રોનો ઉપયોગ, નોટાની જોગવાઈ, ચૂંટણીઓના પ્રબંધનની પ્રક્રિયા અને વ્યવસ્થાની વધુ સંવર્ધિત પદ્ધતિ, વધુ પારદર્શક ચૂંટણી પ્રક્રિયાઓની દિશામાં અનેક નવી પહેલો વિવિધ રાજ્યોના ચૂંટણી પંચોએ કરી છે, જે સરાહનિય છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની નિર્વાચન પ્રક્રિયામાં મતદારોની સહભાગીદારી વધારવા ગુજરાત રાજ્ય ચૂંટણી પંચની અનેકવિધ પહેલોની સરાહના કરતા રાજ્યપાલે જણાવ્યું કે સને ૨૦૧૫માં ગુજરાત રાજ્યમાં સ્ટેટ વોટર્સ અવેરનેસ પ્રોગ્રામ (સ્વેપ-રાજ્ય મતદાર જાગૃતિ કાર્યક્રમ) આ દિશાની એક નિર્ણાયક પહેલ છે. મને વિશ્વાસ છે કે અન્ય રાજ્યોના ચૂંટણી પંચોએ પણ લોકશાહીને અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓને તૃણમૂલ સ્તરેથી મજબૂત કરતા આવી એકથી વધુ પહેલો અમલમાં મૂકી છે.મહાત્મા ગાંધીએ તૃણમૂલ સ્તરેથી લોકશાહી સંસ્થાઓના વિકાસની અને ગ્રામ સ્વરાજની ભલામણ કરી હતી. સ્વતંત્રતા પછી ભારત, લોકોને મતાધિકાર દ્વારા પોતાની પસંદગીની સરકાર બનાવવાની વ્યવસ્થા ધરાવતો વિશ્વનો સહુથી મોટો લોકશાહી દેશ બન્યો. તેના ૪૨ વર્ષ પછી બંધારણમાં ૭૩ અને ૭૪માં ઐતિહાસિક અને ક્રાંતિકારી સુધારા થયા અને તેના પગલે પંચાયત જેવા છેક પાયાના સ્તરે લોકો દ્વારા નિર્વાચીત પ્રતિનિધિઓ દ્વારા વહિવટની ખાત્રી મળી. હજારો વર્ષોથી આપણા ઇતિહાસ સાથે સ્થાનિક શાસનની વ્યવસ્થા વણાયેલી હતી. આ બંધારણીય સુધારાથી એ ભાવનાનો વૈધાનિક વ્યવસ્થા તરીકે સ્વીકાર થયો તેનો મને આનંદ છે.

તેમણે આ પરિષદ ભારત માટે એક આઈકોનિક પ્રોજેક્ટ બની ગયેલા સ્ટેચ્યૂ ઑફ યુનિટીના સાંન્નિધ્યમાં યોજાઈ તેનો આનંદ વ્યક્ત કરતા જણાવ્યું કે, તાજેતરમાં જ વિરાટ સરદારની વિરાટ પ્રતિમા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશને લોકાર્પિત કરી હતી. પદ્મ દેશી રજવાડાઓના વિલિનિકરણ દ્વારા ભારતને એક સૂત્રે બાંધનારા મહામાનવને તેમણે આદરાંજલિ આપી હતી.

સહુને આવકારતા ગુજરાત રાજ્ય ચૂંટણી પંચના વડા ડૉ.વરેશ સિંહાએ જણાવ્યું હતું કે, આ પરિષદનું દેશના વિવિધ રાજ્યોમાં નિયમિત આયોજન કરવામાં આવે છે અને અનુભવોના આદાનપ્રદાન, માહિતીના વિનિયોગ, અદાલતી કેસો અને તેમના નિર્ણયો, તેમજ રાજ્ય ચૂંટણી પંચો સમક્ષના પ્રશ્નો અને પડકારોની ચર્ચાનું મંચ આ પરિષદો બની છે. તેમણે જણાવ્યું કે, વર્તમાન પરિષદમાં તમામ રાજ્યોના ચૂંટણી પંચોને એક છત્ર હેઠળ આણે તેવા મોડલ લીગલ ફ્રેમવર્કની રૂપરેખાની વિચારણા કરવામાં આવશે. પરિષદમાં ઇ.વી.એમ. ઉત્પાદક ભારત ઇલેક્ટ્રોનિક્સ લી. (બેલ) અને ઇલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા (ઇસીઆઇએલ) કંપનીઓના પ્રતિનિધિઓ સાથે વિવિધ રાજ્યોમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ માટે ઉપયોગમાં લેવાતા ઇ.વી.એમ.ની ડીઝાઇન, ઉત્પાદન, તેને સંલગ્ન પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે. તેની સાથે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં યુવાઓ, મહિલાઓ અને એકંદર મતદાન વધે એ માટેના ઉપાયોનો સહિયારો વિચારવિમર્શ કરવામાં આવશે.

રાજ્યના મુખ્ય સચિવ ડૉ.જે.એન.સિંધે જણાવ્યું કે, સ્ટેચ્યૂ ઑફ યુનિટી એ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની દૂરંદેશીની પ્રતિતિ કરાવે છે. હાલમાં દરરોજ લગભગ દસ હજાર જેટલા પ્રવાસીઓ આ સ્થળની મુલાકાત લઈ રહ્યાં છે અને નાઈટ સફારી જેવા વિવિધ આકર્ષણોનો તેમા ઉમેરો કરવાનું આયોજન છે. આ સ્થળ દેશની એકતાનું પ્રતિક છે, કારણ કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી લોહા અને માટી અભિયાન હેઠળ સમગ્ર દેશની માટી અને ખેતઓજારો અત્રે આણવામાં આવ્યા હતા અને એમાંથી વૉલ ઑફ યુનિટી જેવા પ્રકલ્પોનું સર્જન કરવામાં આવ્યું છે. નર્મદા ગુજરાતની જીવાદોરી છે એટલે ગુજરાત માટે સરદાર સરોવર બંધની ખૂબ અગત્યતા છે. સરદાર સાહેબને આદર આપવા માટે આનાથી બહેતર કોઇ સ્મારક હોઇ શકે નહી. તેમણે મહેમાનોને ગુજરાતના પ્રવાસન સ્થળોની મુલાકાત લેવા આમંત્રણ આપ્યુ હતું અને તેમના રાજ્યોમાં સ્ટેચ્યૂ ઑફ યુનિટીના આકર્ષણોનો પ્રચાર કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટના પદાધિકારી અને ભારત સરકારના માનવ સંપદા અને તાલીમ વિભાગના અધિક સચિવ કે.શ્રીનિવાસ, ગુજરાત રાજ્ય ચૂંટણી પંચના સચિવ એમ.વી.જોશી તેમજ વિવિધ રાજ્યોના અને સંઘપ્રદેશોના ચૂંટણી પંચના વડાઓ, અધિકારીઓ, ભેલ, ઈસીઆઈએલ, સીડેક, એનઆઈસીના પ્રતિનિધિઓ, રાજપીપળા જિલ્લા કલેક્ટર આઈ.કે.પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ડૉ.જીન્સી વિલિયમ્સ, જિલ્લા પોલીસ અધિક્ષક મહેન્દ્ર બગડિયા, સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટના પદાધિકારીઓ, સ્થાનિક ઉચ્ચાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્ઘાટન સત્રના અંતે નવી દિલ્હી અને ચંદીગઢ રાજ્ય ચૂંટણ પંચના કમિશનર અને પરિષદના કન્વિનર એસ.કે.શ્રીવાસ્તવે આભાર વ્યક્ત કર્યો હતો.

સાંસદ-ધારાસભ્યોના પ્રશ્નોનું સમયમર્યાદામાં નિરાકરણ કરવા કલેક્ટરની તાકીદ

- **નડિયાદમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી**
- **પી.એમ. કિશાન યોજના હેઠળ જિલ્લામાં ૬૦ હજાર ઉપરાંત ખેડૂતોનું રજિસ્ટ્રેશન**
- **સુજલામ-સુફલામ જળ સંચય અભિયાન હેઠળ જિલ્લામાં જળસંચય-જળ સંગ્રહના ૫૬૨ કામો હાથ ધરાશે**

નડિયાદ

કલેક્ટર શ્રી સુધીર પટેલે સાંસદશ્રી તથા ધારાસભ્યશ્રીઓ દ્વારા વિવિધ કચેરીઓમાં રજૂ તથા પ્રશ્નોનું વિગતવાર રજિસ્ટ્રેશન નિભાવી સમયમર્યાદામાં પ્રશ્નોનું નિરાકરણ કરવા તમામ અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

નડિયાદ ખાતે કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્યો સર્વશ્રી કાળુભાઇ પરમાર, કાળુભાઈ ડાભી, ઇન્દ્રજીતસિંહ પરમાર દ્વારા પ્રજાજનોને સ્પર્શતા જનસુવિધા-જનસુખાકારીના રજૂ કરવામાં આવેલા પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ કરવામાં આવ્યો હતો.

કલેક્ટરશ્રીએ દર માસના છેલ્લા ગુરૂવારે યોજાતા જિલ્લા કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં તમામ વિભાગના અધિકારીઓને હાજર રહેવા સૂચનાઓ આપી હતી.

કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, ખેડા જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ પી.એમ. યોજના હેઠળ ૬૦ હજાર જેટલા ખેડૂતોનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. આ કામગીરીને વધુ વેગવાન બનાવવા નોડલ અધિકારીઓએ દરરોજ મહત્તમ ખેડૂતોનું રજિસ્ટ્રેશન થાય તે જોવા તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

ખેડા જિલ્લામાં આગામી તા.૨૨મી ફે?બ્રુઆરીથી સુજલામ-સુફલામ જળ સંચય અભિયાનના બીજા તબક્કાનો પ્રારંભ કરવામાં આવશે. સુજલામ-સુફલામ જળ સંચય અભિયાન હેઠળ જિલ્લામાં સરકારી વિભાગો ઉપરાંત સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ઔદ્યોગિક ગૃહોના સહયોગથી જળ સંચય જળ સંગ્રહના ૫૬૨ જેટલા વિવિધ કામો હાથ ધરવામાં આવશે તેમ શ્રી પટેલે જણાવ્યું હતું.

ખેડા જિલ્લામાં તાલુકા કક્ષાએ ૯૭ તથા નગરપાલિકામાં ૧૧ તળાવો ઉંડા કરવાની કામગીરી જળ સંચય અભિયાન દરમિયાન હાથ ધરવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.એન.મોદી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દિવ્ય મિશ્ર, નિવાસી અધિક કલેક્ટરશ્રી રમેશ મેરજા, ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી કે.ડી.લાખાણી, પ્રાંત અધિકારીઓ સહિત અમલીકરણ અધિકારીઓ હાજર રહયા હતા.

સામ સામે બાઈક અથડાતા ૨નાં મોત, ૧ ગંભીર

ગીર-ગઢડા

ધોકડવા રોડ પર સામ-સામે બે બાઈક અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ૨ યુવનના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે ૧ વ્યક્તિને ગંભીર ઈજા થતાં તેને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હાલ આ બંનેના મૃતદેહને પીએમ માટે ખસેડી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ચીખલકુબા ગામે રહેતા કલ્પેશભાઈ ધીરૂભાઈ મકવાણા તેના કાકાનાં દિકરા કનકસિંહ ભીખુભાઈ મકવાણાનાં લગ્નનો બપોરે જમણવાર હોવીથી સવારે માલ-સામાન લેવા કોડીનારનાં અરેઠીયા ગામેથી આવેલા મયુરસિંહ દડુભા ગોહીલને લઈ બંને યુવાનો બાઈક પર જઈ રહ્યાં હતા. ત્યારે ચંદ્રેશભાઈ ભવાનભાઈ બારૈયા બાઈક પર જશાધાર તરફ મજુરી કામે જઈ રહ્યાં હતા. ત્યારે બંનેનું બાઈક સામ સામે અથડાતા કલ્પેશભાઈ અને ચંદ્રેશભાઈ દુર ફંગોળાઈ ગયા હતા અને માથા તેમજ શરીરનાં ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.







ખેડા જિલ્લાના તમામ પેટ્રોલ પંપો ઉપર સઘન ચેકીંગ ઝુંબેશ હાથ ધરાશે – કલેક્ટરશ્રી સુધીર પટેલ

● ખેડા જિલ્લામાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ ૮૨,૫૨૫ ગેસ જોડાણ અપાયા

● નડિયાદ ખાતે નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક મળી

નડિયાદ

ખેડા જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક કલેક્ટરશ્રી સુધીર પટેલના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી.

કલેક્ટરશ્રી સુધીર પટેલે જણાવ્યું કે, ખેડા જિલ્લામાં પેટ્રોલ પંપો ઉપર ગ્રાહકોને ઓછું પેટ્રોલ અપાતું હોવાની રજૂઆતો વારંવાર મળે છે. કલેક્ટરશ્રીએ ગ્રાહકોની ફરિયાદોના અનુસંધાને જિલ્લાના તમામ પેટ્રોલ પંપો ઉપર સઘન ચેકીંગ ઝુંબેશ હાથ ધરવા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, ખેડા જિલ્લામાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના બન્ને તબક્કામાં કુલ ૧,૦૭,૯૯૦ અરજી ફોર્મ ભરવામાં આવ્યા છે. જે પૈકી તા.૧૪ ફેબ્રુઆરી સુધી ૮૨,૫૨૫ લાભાર્થીઓને ગેસ જોડાણ આપવામાં આવ્યા છે.

ખેડા જિલ્લામાં ફેબ્રુઆરી માસમાં ૮૫૪ મેટ્રીક ટન ચોખા અને ૩૬૬ મેટ્રીક ટન ઘઉં વિતરણ માટે ફાળવણી કરવામાં આવી છે. જિલ્લામાં ૨૮૮૩ ક્વિન્ટલ લેવી ખાંડ તથા ૮૮૨ કિલોલીટર કેરોસીન ફાળવવામાં આવ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

પુરવઠા તંત્ર દ્વારા જાન્યુઆરી માસમાં ૪૬ વાજબી ભાવની દુકાનો/કેરોસીન છુટક વિક્રેતાઓની તપાસણી કરવામાં આવી હતી. જિલ્લામાં કાનૂની માપ વિજ્ઞાન કચેરી દ્વારા નિરીક્ષણ કરી રૂા.૨.૪૮ લાખનો દંડ કરવામાં આવ્યો છે.

જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ૧૯ જેટલા નમૂના લેવામાં આવ્યા હતા. કલેક્ટરશ્રીએ મધ્યાહન ભોજન યોજના હેઠળ વિતરીત જથ્થાના ગોડાઉન તેમજ જે તે કેન્દ્ર ખાતે મહત્તમ નમૂના લેવા સૂચનાઓ આપી હતી.

આ બેઠકમાં જિલ્લાની ચાર દુકાનોના સ્થળ ફેર અંગે મળેલ દરખાસ્તને મંજૂર કરવામાં આવી હતી. જિલ્લા પુરવઠા અધિકારી શ્રી પટેલે પુરવઠા તંત્રની કામગીરીની વિગતો આપી હતી. આ બેઠકમાં ધારાસભ્યો સહિત સમિતિના સભ્યો હાજર રહયા હતા.

ખેડા જિલ્લા પ્રશાસન દ્વારા પુલવામાના શહિદોને અપાઇ શ્રધ્ધાજંલિ



નડિયાદ

જમ્મુ કાશ્મીરના પુલવામા ખાતે સી.આર.પી.એફના જવાનો ઉપર થયેલા આંતકવાદી હૂમલામાં ૪૪ જવાનો શહિદ થયા હતા.

ખેડા જિલ્લા પ્રશાસન દ્વારા શહિદ જવાનોને આજે બે મીનિટનું મૌન પાળી શ્રધ્ધાજંલિ આપવામાં આવી હતી.

નડિયાદ ખાતે આજે યોજાયેલ સંકલન સમિતિની બેઠકમાં કલેક્ટરશ્રી સુધીર પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.એન.મોદી, નિવાસી અધિક કલેક્ટરશ્રી રમેશ મેરજા સહિત અધિકારીઓએ શહિદોની યાદમાં બે મીનિટનું મૌન પાડ્યું હતું.

પ્રેમિકાનું અપહરણ કરી દુષ્કર્મ આચરતા ખળભળાટ

અમરેલી

અમરેલીમાં પ્રેમીએ પ્રેમિકાનું તેના ઘરેથી તેણીના પરિવારને ધાકધમકી આપીને અપહરણ કર્યા બાદ ઘરમાં ગોંધી રાખીને પત્ની તરીકે રાખી સતત અત્યારચાર ગુજારીને મારપીટ કરી, ઢસડી વારંવાર દુષ્કર્મ ગુજારતા યુવક સહિત ત્રણ સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

આ અંગે અમરેલીની ભોગ બનેલી યુવતીએ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ અમરેલીના જયોતિરાવનગરમાં રહેતા અનિલ ઉર્ફે રામજી ચાવડા નામના શખશે ૨૪ વર્ષીય યુવતીનું તેના ઘરેથી અપહરણ કર્યું હતું અને તેણીના ભાઈ તથા પિતાને પણ મારી નાખવાની ધમકી આપી હતી. તા. ૨૪/૧૦ના રોજ યુવતીને ગઢડા અને બાદમાં ઢસા લઈ જવાયા બાદ આરોપીએ તેને બળજબરીથી પોતાના ઘરમાં રાખી હતી અને વારંવાર દુષ્કર્મ આચર્યું હતું.

યુવકના પિતા રામજી ચાવડા અને માતા હંસાબેન યુવતીને સતત માર મારતા હતા અને વાળ પકડીને ઢસડતા હતા. અનિલે છરીની અણીએ યુવતી પાસે એક સ્ટેમ્પ પેપર પર પણ સહી કરાવી લીધી હતી. ગત તા.૮/૨ના રોજ યુવતી આરોપીઓની ચુંગાલમાંથી છુટીને ઘરે પહોચ્યા બાદ અમરેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

રાજ્યના ઉત્પાદન કરતા ઔદ્યોગિક એકમો

ઈલેકટ્રીસીટી ડયુટી માફીનું પ્રમાણપત્ર ૨૪ કલાકમાં ઘેર બેઠા મેળવી શકશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજયમાં નવા સ્થપાતા ઔદ્યોગિક એકમોને તથા હયાત ઔદ્યોગિક એકમોના પાત્રતા ધરાવતા વધારાના એકમોને ઉત્પાદનની તારીખથી પાંચ વર્ષ સુધી ઈલેકટ્રીસીટી ડયુટી ભરવામાંથી માફી આપવાની જોગવાઇને વધુ સરળ, વધુ ઝડપી અને પારદર્શી બનાવવાનો નિર્ણય કર્યો છે.

ઔદ્યોગિક એકમો ઓનલાઇન અરજી કરીને પાત્રતા સિધ્ધ થયેથી ઈલેકટ્રીસીટી ડયુટી માફીનું પ્રમાણપત્ર ૨૪ કલાકમાં ઘેર બેઠા મેળવી શકશે. રાજય સરકારે આ અંગેના ડ્રાફટ રૂલને મંજૂરી આપી દીધી છે. ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ ક્ષેત્રે ગુજરાતની વધુ એક સિધ્ધિ ગણાતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના આ નિર્ણયથી વર્ષે પાત્રતા ધરાવતા અંદાજે ૩૦૦૦ જેટલા ઔદ્યોગિક એકમો તથા તેના વધારાના એકમોને આ લાભ મળવાપાત્ર થશે.

ધી ગુજરાત ઈલેકટ્રીસીટી ડયુટી એકટ ૧૯૫૮ની કલમ-૩(૨) અને તે હેઠળના નિયમોમાં ગુજરાતમાં નવા સ્થપાતા કે વધારાના ઔદ્યોગિક એકમોના ઉત્પાદક યુનિટને ઉત્પાદનની તારીખથી પાંચ વર્ષ સુધી ઈલેકટ્રીસીટી ડયુટીમાંથી માફી આપવાની જોગવાઇ છે. આ પ્રક્રિયામાં વિલંબ નિવારવા અને ઇન્ફર્મેશન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને પ્રક્રિયાને પારદર્શી બનાવવા

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નિર્ણયથી ડયુટી માફી પ્રક્રિયા વધુ સરળ-ઝડપી અને પારદર્શી બનશે

● ઇઝ ઓફ ડૂઈંગ બિઝનેસ ક્ષેત્રે વધુ એક સિધ્ધિ

● વર્ષે પાત્રતા ધરાવતા અંદાજે ૩૦૦૦ જેટલા નવા તથા વધારાના ઉત્પાદકીય એકમોને લાભ મળશે

● પાયલોટ પ્રોજેકટ અમદાવાદ જિલ્લામાં અમલી કરાશે

તથા ઉત્પાદક એકમોના બિઝનેસમાં સરળતા આણવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આદેશો કર્યા છે.

ડ્રાફટ રૂલ ફાઇનલ થયેથી ઉત્પાદન કરતા ઔદ્યોગિક એકમો ઓનલાઇન અરજી કરીને ઇલેકટ્રીસીટી ડયુટી માફીનું પ્રમાણપત્ર ઘેર બેઠા ગણતરીની મિનિટોમાં મેળવી શકશે. પાયલોટ પ્રોજેકટ તરીકે પ્રથમ બે માસ માટે અમદાવાદ જિલ્લામાં આ પધ્ધતિ અમલી કરાશે, ત્યાર બાદ સમગ્ર રાજયમાં અમલી કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

જો કોઇ ઔદ્યોગિક એકમ દ્વારા ઓનલાઇન ખોટી માહિતી આપીને આ લાભ મેળવવામાં આવશે તો સમીક્ષાને આધિન તાત્કાલીક અસરથી આવો લાભ પાછો ખેંચી લઇને જે તે ઔદ્યોગિક એકમને પ્રાપ્ત થયેલો નાણાકીય લાભ ૧૮ ટકા વ્યાજ સાથે પરત લેવાની પણ રાજય સરકારે જોગવાઇ કરી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના આ મહત્વના નિર્ણયથી રાજય સરકાર ઇઝ ઓફ ડૂઈંગ બિઝનેસમાં આગળ વધશે.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

भઠ્ઠીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં
દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઇટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

MERINO ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
● મેરીનો લેમીનેટ સીટસ્
● 100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
● સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
● ફુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
● બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
● Ex-cel પી.વી.સી. સીટ
● ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઇપો
ગેલ્વેનાઇઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઇપો
IBR પાઇપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com







જમ્મુ- કાશ્મીરના પુલવામા ખાતે સૈન્યના જવાન પર થયેલા આતંકવાદી હુમલાના વિરોધમાં સુરત શહેરમાં ઠેરઠેર શ્રધ્ધાંજલિ સભાઓ સાથે પાકિસ્તાન તથા આતંકવાદી તત્ત્વો સામે જનતામાં વ્યાપક આક્રોશ જોવા મળ્યો હતો. શહીદોના માનમાં આજે સુરતની ટેક્સટાઈલ માર્કેટોએ જડબેસલાક બંધ પાળી વીરોને શ્રધ્ધાંજલિ પાઠવી હતી.

શહીદોના માનમાં સુરતની ટેક્સટાઈલ્સ માર્કેટો સ્વયંભૂ બંધ

શહેરના રાજમાર્ગની દુકાનના વેપારીઓ દ્વારા પણ બંધ પળાયો : ઠેર-ઠેર શ્રદ્ધાંજલિના કાર્યક્રમો : પાક. વિરુદ્ધ જનતાનો આક્રોશ ફાટી નીકળતા પોલીસ એલર્ટ

સુરત

કાપડ ઉદ્યોગ બંધ, હીરા ઉદ્યોગ બંધ, રાજમાર્ગ બંધ, શહેરના મોટા ભાગના લોકોએ આતંકી હુમલામાં માર્યા ગયેલા શહીદોના માનમાં ધંધા- રોજગાર સ્વયંભૂ બંધ રાખી શ્રદ્ધાંજલિ આપી હતી. તેમજ ઠેર ઠેર જગ્યાએ લોકોએ પાકિસ્તાન મુર્દાબાદના નારા લગાવી પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાનના પૂતળાનું દહન કર્યું હતું. લોકરોષને ધ્યાનમાં રાખી પોલીસ એલર્ટ થઈ ગઈ હતી.

કાશ્મીરના પુલવામાં આતંકી હુમલામાં ૪૦ જવાનો શહીદ થતાં દેશભરના લોકોમાં ભારે આક્રોશ જોવા મળે છે. સુરત શહેરના લોકો પણ સરકાર હવે પાકિસ્તાનને પાઠ ભણાવે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે. છેલ્લા દિવસથી શહેરભરમાં લોકો સ્વયંભુ દુકાનો બંધ રાખી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી રહ્યા છે. ગઈકાલે રાત્રે પણ ઠેર-ઠેર જગ્યાએ વિવિધ સંગઠનો દ્વારા શોકસભા યોજી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આજે પણ ઠેર-ઠેર શ્રદ્ધાંજીલની કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે.

આતંકવાદી હુમલાના વિરોધમાં ફોસ્ટાની ગઈકાલે મળેલી બેઠકમાં આજે શનિવારે કાપડ બજાર સ્વયંભૂ બંધ રાખવાનો નિર્ધાર કરવામાં આવ્યો હતો. જેને પગલે આજે રિંગરોડ, સારોલી, સહિતની કાપડ માર્કેટની દુકાનો સ્વયંભૂ બંધ રહી હતી. કતારગામ વિસ્તારમાં પારસ ચોકી રોડ ઉપર કેટલાંક લોકો 'વંદે માતરમ'ના નારા સાથે દુકાનો બંધ કરાવવા નીકળી પડયા હતા. હીરા ઉદ્યોગે પણ આજે સ્વયંભૂ બંધ પાણી શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી.

ગઈકાલે ચોકબજાર જનતા માર્કેટના મુસ્લિમ બિરાદરોએ સ્વયંભૂ બંધ પાળ્યા બાદ આજે રાજમાર્ગ ઉપરની તમામ દુકનદારોએ સ્વયંભૂ બંધ રાખી શ્રદ્ધાંજલિ આપી હતી. આમ સુરત શહેરની લગભગ તમામ વિસ્તારમાં લોકોએ ધંધા-રોજગાર સ્વયંભૂ બંધ રાખ્યાં હતાં. ૪૦ જવાનો શહીદ થતા સુરતના લોકોમાં ભોર રોષ જોવા મળે છે. ગઈકાલે રાત્રે આ રોષ શહેરની તમામ વિસતારોમાં જોવા મળ્યો હતો. જેને ધ્યાનમાં રાખીને પોલીસ કમિશનર સતીષ શર્માએ સંવેદનશીલ વિસ્તારો સહિતના વિસ્તારોમાં જડબેસલાક પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દીધો છે.

શહીદોને શ્રધ્ધાંજલિ આપવા ગુજરાતમાં સ્વયભૂં બંધ

અમદાવાદ

ગુરૂવારે જમ્મુ-કાશ્મીરના પુલવામામાં થયેલ આતંકી હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા છે. જેના કારણે સમગ્ર દેશમાં જન આક્રોશ જોવા મળી રહ્યો છે. દેશના વિવિધ રાજ્યોમાં લોકો રસ્તા પર ઉતર્યા છે અને વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે.

જ્યારે ગુજરાતમાં પણ વિવિધ શહેરોમાં લોકો દ્વારા ઠેરઠેર આ હુમલા સામે રોષ પ્રકટ કરવામાં આવી રહ્યો છે. રાજયના વેપારીઓ દ્વારા દુકાનો અને ઓફિસો બંધ રાખી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પિત કરાઈ રહી છે.

અમદાવાદઃ

દરિયાપુર હાર્ડવેર હોલસેલ મર્ચન્ટ એસોસશિયશન અને અખિલ ગુજરાત હાર્ડવેર એસોસિએશન મારફતે લગભગ ૪૦૦થી વધુ દુકાનો બંધ કરવામાં આવી હતી અને પાકિસ્તાન અને આતંકીઓ વિરુદ્ધ સુત્રોચ્ચાર કરી દરિયાપુર દરવાજા ખાતે ધરણા પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ.

આ ધરણા પ્રદર્શનમાં મોટી સંખ્યામાં દુકાનદારો અને વેપારીઓ એકત્ર થયા હતા. પ્રદર્શન પહેલા વેપારીઓએ મૌન ધારણ કરી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. ત્યાર બાદ સુત્રોચ્ચાર સાથે પાકિસ્તાન અને આતંકીઓ સામે કડક અને ત્વરિત પગલા લેવા સરકારને માંગ કરી હતી. આ સાથે વેપારીઓએ શહીદોના પરિવાર માટે તમામ પ્રકારની મદદ કરવા માટે પણ તૈયારી દર્શાવી હતી.

દરિયાપુર સિવાય કાલુપુરમાં પણ કેટલાક વેપારીઓ આતંકી હુમલાના વિરોધમાં રસ્તા પર આવ્યા હતા. કાલુપુર ફૂટ માર્કેટ, ઢાલગરવાડ બજાર, રિલીફ રોડ સહીતના શહેરના વેપારી મંડળોએ શહીદ જવાનોને શ્રદ્ધાંજલી આપવા એક દિવસનું બંધનું એલાન કર્યું છે.

વડોદરાઃ

બીજી બાજુ વડોદરાના હાથીખાના અનાજ માર્કેટના વેપારીઓ દ્વારા આતંકી હુમલામાં શહીદ જવાનોના માનમાં શનિવારે વેપાર બંધ રાખી તેમને શ્રદ્ધાંજલી આપી છે. ઉપરાંત રાત્રી ખાણી-પીણી માર્કેટના ધારકો પણ આ બંધમાં જોડાશે અને રાત્રી બજાર ખાતે કેન્ડલ માર્ચ કરી શહીદોને શ્રદ્ધાંજલિ આપશે.

સુરતઃ

જ્યારે સુરતમાં પણ ટેક્ષટાઈલ, ડાયમંડ અને કાપડ માર્કેટના વેપારીઓ દ્વારા પુલવામા અટેકમાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલી આપવા માટે માર્કેટ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વેપારીએ દ્વારા સ્વયંભૂ દુકાનો બંધ રાખવામાં આવશે. ઉપરાંત સ્કૂલ, કોલેજોમાં પણ વિર્ધાર્થીઓ દ્વારા ૨ મિનિટનો મૌન રાખી શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

મહેસાણાઃ

રિપોર્ટ મુજબ મહેસાણા જિલ્લાના ઊંઝા, બહુચરાજીમાં પણ વહેપારીઓ તેમજ સ્થાનિકોમાં પણ ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે. બહુચરાજીમાં શુક્રવારે રાત્રે લોકોએ કેન્ડલ માર્ચ સાથે રેલી યોજી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી તેમજ શનિવારે વહેલી સવારે શક્તિપીઠ બહુચરાજીની તમામ બજારો સ્વયંભૂ બંધ રાખી શોક સાથે ભારે રોષ પ્રકટ કરવામાં આવ્યો છે. સ્થાનિકો ભારે રોષ સાથે હવે યુદ્ધ જ એક વિકલ્પ છે અને હવે યુદ્ધ જ છેડી દેવું જોઈએ તેવું જણાવી રહ્યા છે.

અરવલ્લીઃ

અરવલ્લી જિલ્લામાં પણ પુરવામામાં થયેલા આતંકી હુમલા બાદ લોકોમાં આક્રોશ જોવા મળ્યો છે. લોકો દ્વારા ઠેરઠેર પાકિસ્તાન વિરુદ્ધ સુત્રોચ્ચાર કરવામાં આવ્યા છે. શહેર, નગર અને ગામડામાં લોકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. જિલ્લાના શામળાજી, માલપુર, મોડાસા, મેઘરજ, બાયડ, ધનસુરા અને ભિલોડાના બજારો સજ્જડ બંધ રહ્યા હતાં.

ઈડરઃ

ઈડરમાં પણ શહીદોને શ્રદ્ધાંજલિ આપતા વેપારીઓ દ્વારા સ્વયંભૂ બંધ રાખવામાં આવ્યું છે. જિલ્લાના ચાણસ્મા, સમી, રાધનપુર તેમજ સાંતલપુર તાલુકાઓમાં વેપારીઓ દ્વારા દુકાનો અને માર્કેટ બંદ રાખવામાં આવ્યા છે.

રાજકોટઃ

રાજકોટમાં પણ ઉપરાંત ઈડરમાં મુસ્લિમ સમાજે પણ પુલવામાં હુમલા સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. મુસ્લિમ સમાજે પણ તમામ દુકાનો બંધ કરી છે. આ સાથે મુસ્લિમ સમાજે સ્વયંભૂ બંધ રાખીને એકતાનો પરિચય આપ્યો છે.

બનાસકાંઠાઃ

પુલાવામા શહીદોને શ્રદ્ધાંજલિ આપવા પાલનપુર, દાંતા પથંકમાં સમગ્ર વેપારીઓએ પાકિસ્તાન મુર્દાબાદના નારા સાથે દુકાનો બંધ કરી છે અને રોષ પ્રકટ કર્યો છે. જયારે ધાનરામાં પણ નાગરિકોએ સજ્જડ બંધ પાળી રેલી યોજી હતી. પાંચ હજારથી વધુ લોકો આ રેલીમાં જોડાયા હતા. આ રેલીમાં પાકિસ્તાન મુરદાબાદના નારા લગાવવામાં આવ્યા હતા અને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી હતી.

પાટણઃ

પુલવામામાં આતંકી હુમલાનો વિરોધ કરી પાટણમાં લોકો દ્વારા બજારો બંધ રાખવામાં આવ્યા છે. જિલ્લાના ચાણસ્મા, સમી, રાધનપુર તેમજ સાંતલપુર તાલુકાઓમાં વેપારીઓ દ્વારા દુકાનો અને માર્કેટ બંદ રાખવામાં આવ્યા છે.

રાજકોટઃ

રાજકોટમાં પણ વેપારઈઓ શહીદોને શ્રદ્ધાંજલિ આપી છે અને શહીદોના પરિવારને સહાય કરવા માટે યાર્ડના વેપારીઓ દ્વારા યાર્ડની આવક અર્પણ કરવાની જાહેરાત કરી છે. ઉપરાંત વેપારીઓ પણ આજના દિવસની આવક શહીદોના પરિવારને આપશે. રિપોર્ટ મુજબ આજના દિવસે રૂ.૮થી ૧૦ લાખ રૂપિયાની આવકનો અંદાજ છે.

સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર શહેરમાં પણ વેપારીઓ હુમલાનો વિરોધ કરી દુકાનો બંધ રાખી છે. આ સાથે વેપારીઓએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પિત કરી છે. નાના-મોટા વેપારીઓએ સ્વયંબૂ દુકાનો બંધ રાખી છે.

સાબરકાંઠાઃ

હિંમતનગરના નવા બજાર, હજીપુરા, ટાવર ચોક, મહાવીરનગર સહિતના બજારો સ્વયંભૂ સજ્જડ બંધ રહ્યા છે. જમ્મુ કાશ્મીરના પુલવામાં આંતકી હુમલનો વિરોધમાં બજારો બંધ રહ્યા છે. વેપારીઓએ બજાર બંધ રાખી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પિત કરી છે.

વિરમગામઃ

વિરમગામમાં પણ વેપારીઓએ પુલવામાં આતંકી હમલા સામે પ્રચંડ આક્રોશ વ્યક્ત કર્યો છે. વેપારીઓ અને ધંધાદારીઓએ સ્વયંભૂ સજ્જડ બંધ પાડી શહીદોને શ્રદ્ધાંજલિ આપી છે. શહેરના ભરવાડી દરવાજા, ગોલવાડી દરવાજા, બસસ્ટેન્ડ, ટાવર રોડ સહિત તમામ બજારો સ્વયંભૂ બંધ પાડ્યો છે.

આણંદઃ

આણંદમાં પણ કેટલાક યુવાનોએ જાહેર માર્ગો પર પાકિસ્તાન વિરુદ્ધ સત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યા છે. મોડી રાત્રે પાકિસ્તાન મુર્દાબાદના નારા લગાવી પાકિસ્તાનનો ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

જેતપુરઃ

જેતપુરમાં પણ શહીદોને શ્રદ્ધાંજલિ આપવા માટે લોકો દ્વારા કેન્ડલ માર્ચ કરવામાં આવી હતી. આ કેન્ડલ માર્ટમાં સ્થાનિક નેતાઓ સહિત લગભગ ૫ હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો. કેન્ડલ માર્ચ જેતપુરના મુખ્ય માર્ગ સ્ટેડન ચોક થી શરૂ થઈને ટીનબત્તી ચોક, સરદાર ચોક સહિતના માર્ગો ઉપરથી પસાર થઈ હતી.





લોકસભાના અધ્યક્ષ આદરણીય શ્રીમતી સુમિત્રા મહાજને વડોદરા ખાતે

બૃહન્મહારાષ્ટ્ર મંડળના ૬૯મા વાર્ષિક અધિવેશનનો પ્રારંભ કરાવ્યો



રાષ્ટ્રની શાંતિ અને હિત માટે જોખમી આતંકવાદના સમાપન માટે સહિયારા અને સહયોગી પ્રયાસોનો કર્યો અનુરોધ

વડોદરા

લોકસભા સ્પીકર આદરણીય શ્રીમતી સુમિત્રા મહાજને, વડોદરા સંગીત કળા કેન્દ્રના યજમાનપદે યોજાયેલ બૃહન્મહારાષ્ટ્ર મંડળના ૬૯મા વાર્ષિક અધિવેશન કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. શ્રીમતી મહાજન અને રાજમાતા શ્રીમતી શુભાંગીનીરાજે ગાયકવાડ સહિતના મહાનુભાવોના હસ્તે સંગીત, કળા, નાટક, અભ્યાસ, આરોગ્ય સહિત વિવિધ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર તથા વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓને પુરસ્કાર અર્પણ કરી સન્માનિત કર્યા હતા. દાતાશ્રીઓનું વિશેષ સન્માન પણ તેમના હસ્તે આ તકે કરવામાં આવ્યું હતુ.

શ્રીમતી સુમિત્રા મહાજને પુલવામામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે કહ્યું કે, આ જવાનો રાષ્ટ્રની સેવા કાજે શહીદ થયા છે અને કેટલાક જવાનો ઈજાગ્રસ્ત પણ થયા છે. જવાનો સતત ખડેપગે જોખમો વચ્ચે દેશની સુરક્ષાની ફરજ બજાવે છે ત્યારે રાષ્ટ્રની શાંતિ અને હિત માટે જોખમી આતંકવાદના સમાપન માટે સહિયારા અને સહયોગી પ્રયાસો આવશ્યક છે. જવાનો પર થયેલ હુમલાનો વળતો જવાબ યોગ્ય રીતે આપવામાં આવે તેવી દેશવાસીઓની લાગણી છે અને એ પ્રમાણે પગલા લેવા કેન્દ્ર સરકાર સંકલ્પબધ્ધ છે. ભારતની પાડોશી દેશો આતંકવાદના મુકાબલામાં ભારતની સાથે છે અને અમેરિકાએ પણ પાકિસ્તાન પ્રેરિત આંતકવાદી કૃત્યને વખોડ્યું છે.

તેમણે ઉમંગ-ઉત્સાહ સાથે રજા પરથી પાછા ફરતા જવાનો આતંકી હુમલામાં શહીદ થયા તે માટે ઉંડા દુ:ખની લાગણી વ્યક્ત કરી હતી અને તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરતા તેમણે શહીદ જવાનોના પરિવારજનોને શકયત: તમામ રીતે મદદરૂપ બનવા માટે દેશવાસીઓને ખાસ અનુરોધ કર્યો હતો.



બૃહન્મહારાષ્ટ્ર મંડળ અધિવેશનમાં કાર્યાધ્યક્ષશ્રી મિલિંદ મહાજન અને મુખ્ય કાર્યવાહકશ્રી દિલીપ કુંભોજકરે શ્રીમતી સુમિત્રા મહાજન તથા રાજમાતા શ્રીમતી શુભાંગિનીરાજે ગાયકવાડને શાલ ઓઢાડી સ્મૃત્તિચિહ્ન આપી સન્માનિત કર્યા હતા.

રાજમાતા શ્રીમતી શુભાંગિનીરાજે ગાયકવાડે વડોદરા નગરી, મહારાજા સયાજીરાવ ગાયકવાડના વિચક્ષણ અને દૂરંદેશીભર્યા પગલાઓ વિશે જણાવ્યું હતુ. મહારાજા સયાજીરાવે ગાયકવાડી રાજયોમાં શૈક્ષણિક, કળા, રમતગમત, સામાજિક સહિત વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદાન વિશે માહિતગાર કર્યા હતા.

વડોદરા સંગીત કળા કેન્દ્રના શ્રી મિલિંદ તટ્ટુએ સંસ્થાના, પ્રારંભ, હેતુ, પ્રવૃત્તિઓ, ઉપલબ્ધિ-સિદ્ધિઓ વિશે વિગતે વાત કરી હતી. બૃહન્મહારાષ્ટ્ર મંડળ અધિવેશનમાં કાર્યાધ્યક્ષશ્રી મિલિંદ મહાજન અને મુખ્ય કાર્યવાહકશ્રી દિલીપ કુંભોજકરે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ.

કાર્યક્રમમાં સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટ, ધારાસભ્ય શ્રીમતી સીમાબેન મોહિલ્લે અને ગુજરાત રાજય ભાજપ ઉપાધ્યક્ષ શ્રી ભાર્ગવ ભટ્ટ, એડવોકેટ શ્રી દિનેશ શિંદે તથા મહારાષ્ટ્ર સમાજના લોકો વિશાળ સમુદાયમાં ઉપસ્થિત રહ્યા હતા.

ભુજના અલગ-અલગ વિસ્તારોમાંથી

રાત્રીના વાહનોમાંથી પેટ્રોલ તથા મોટર સાયકલ ચોરી કરતી ટોળકીને ભુજ એલસીબીએ ઝડપી પાડી



ભુજ કચ્છ: હાલમાં થોડા સમયથી ભુજ શહેરના અલગ-અલગ વિસ્તારમાં રાત્રીના ભાગે કોલોની તથા જુદા-જુદા એપર્ટમેન્ટોના પાર્કિંગમાં પાર્ક થયેલ વાહનોમાંથી પેટ્રોલ ચોરી થતી હોવાની તથા ભુજ શહેર વિસ્તારમાંથી સમયાંતરે મોટર સાયકલોની ચોરી થતી હોવાની હકીકત પોલીસ અધિક્ષક એમ.એસ.ભરાડા પશ્ચિમ કચ્છ-ભુજનાઓના ધ્યાને આવતા આવી ચોરીઓ કરતા ઈસમોને શોધી પકડી પાડવા માટે પોલીસ અધિક્ષક સાહેબની સુચનાથી આજરોજ એલ.સી.બી., ભુજના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એ મ.બી.ઔસુરાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. પોલીસની એક ટીમ ભુજ ટાઉન વિસ્તારમાં આવા ઈસમોને શોધવા પેટ્રોલીંગમાં તથા વાહન ચેકિંગમાં હતી તે દરમ્યાન બાતમી હકીકત આધારે ભુજ જિલ્લા ઉધોગ કેન્દ્ર સર્કલ પાસે વાહન ચેકીગ દરમ્યાન ભુજ જયુબીલી ગ્રાઉન્ડ તરફથી માધાપર બાજુ આવતા બે આધાર પુરાવા વગરની મોટર સાયકલ પર ત્રણ ઈસમો (૧)કાનજી વાલજી આહિર, ઉ.વ.૨૨, રહે.જુની ધાણેટી, તા.ભુજ (૨) દિનશે પેથાભાઈ આહિર, ઉ.વ.૨૨, રહે.અરૂણદય એપાર્ટમેન્ટ, બીજા માળે, હોસ્પીટલ રોડ, ભુજ, મુળ રહે. ગામ-ટકરવા, તા.ભચાઉ, તથા (૩) શીવભદ્રસિંહ ઉર્ફે શીવમ મહેન્દ્રસિંહ જાડેજા, ઉ.વ.૧૯, રહે.અરૂણદય એપાર્ટમેન્ટ, બીજા માળે, હોસ્પીટલ રોડ, ભુજ, મુળ રહે. ગામ-નાની ચીરઈ, યશોદા ધામ, તા.ભચાઉવાળાઓ પેટ્રોલ લી.૪૦ સાથે મળી આવતા બે મોટર સાયકલ કિ.રૂા.૫૦,૦૦૦/- તથા પેટ્રોલ લી.૪૦, કિ.રૂા.૨,૬૦૦/- તેમજ ત્રણ મોબાઈલ ફોન કિ.રૂા.૧૫,૫૦૦/- એમ કુલે રૂા.૬૮,૧૦૦/-ના મુદામાલ સાથે પકડી પાડેલ આ મોટર સાયકલ પૈકી એક હીરો કંપનીની ડીલક્ષ મોટર સાયકલ નં.જીજે-૧૨-બીએસ-૪૧૮૬ વાળી ભુજ શહેર બી ડીવી. પો.સ્ટે.ના ગુના કામે તથા હોન્ડા કંપનીની ડ્રીમ યુગા મો.સા.નં.જીજે-૦૩-એચ.એમ-૧૨૪૮ વાળી ભુજ શહેર એ ડીવી. પો.સ્ટે.ના ચોરીના ગુનામાં ચોરાયેલ હોઈ તથા આ ઈસમો તા.૦૯/૦૨/૧૯ ના હોસ્પીટલ રોડ પરથી કતીરા ઈમેજીંગ સેન્ટરની સામેથી સ્પેલન્ડર મો.સા.નં.જીજે-૧૨-એપી-૮૫૦૭ વાળીની ચોરી કરી ન્યુ લોટસ કોલોની બાજુ મુકી આવેલ હતા તથા દરરોજ રાત્રીના ભુજ શહેર વિસ્તારમાં જુદી-જુદી કોલોનીમાં તથા એપાર્ટમેન્ટો નીચે પાર્ક થયેલ બાઈકોમાંથી પેટ્રોલ ચોરી કરી સસ્તામાં હાઈવે રોડ ઉપર રાહદારી ગ્રાહકોને વેંચી નાખતા હતા અને તેઓ પાસેથી પકડાયેલ પેટ્રોલનો જથ્થો પણ ભુજ શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાંથી રાત્રીના ભાગે બાઈકોમાંથી ચોરી કરી એકઠો કરેલ છે, અને માધાપર હાઈવે બાજુ વેંચવા જતા હતા તેવી કેફીયત આપેલ છે.

આ મુદામાલ તથા આ ઈસમોને આગળની કાર્યવાહી માટે ભુજ શહેર બી ડીવી પો.સ્ટે. સોંપવામાં આવેલ છે.

તા.૧૭મીએ વડોદરામાં પટ્ટાવાળાની ભરતી માટેની પરીક્ષા

પોલીસ કમિશનરે પ્રતિબંધાત્મક આદેશો જારી કર્યા

વડોદરા

જિલ્લા ન્યાયાલય વડોદરા દ્વારા પટ્ટાવાળા વર્ગ-૪ સંવર્ગની જગ્યાઓ માટે લેખિત પરીક્ષા યોજાશે. તા.૧૭/૦૨/૨૦૧૯ના રોજ વડોદરા શહેરના જુદાં-જુદાં ૩૪ કેન્દ્રો પર પરીક્ષા યોજાનાર હોય પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલોતે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ કર્યો છે. પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે, કાયદો-વ્યવસ્થા અને જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તેમજ મુક્ત, ન્યાયી, સરળ સંચાલન માટે પરીક્ષામાં ગેરરીતિઓ અટકાવવા કેટલાક પ્રતિબંધો ફરમાવ્યા છે, જે તા.૧૭/૦૨/૨૦૧૯ના રોજ રાત્રિના ૧૨ થી સાંજે ૫ કલાક સુધી અમલી રહેશે.

વડોદરા શહેરના પરીક્ષા કેન્દ્રની અંદર કોઈપણ વ્યક્તિ કોમ્યુનિકેશનના કોઈપણ પ્રકારના સાધનો કે ઈલેકટ્રોનિક ઉપકરણો લઈ જઈ શકશે નહિ. પરીક્ષા કેન્દ્રની બહાર આજુબાજુના ૧૦૦ મીટરના અંતરમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓ ભેગા થઈ શકે નહિ, ઝેરોક્ષ મશીન શરૂ રાખી શકાશે નહિ ઉપરાંત લાઉડ સ્પીકર વગાડી શકાશે નહિ. ફરજરત તમામ અધિકારી-કર્મચારીઓને હુકમ લાગુ પડશે નહિ. હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

જિલ્લા કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલના અધ્યક્ષસ્થાને

વડોદરા ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

વડોદરા

જિલ્લા કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલના અધ્યક્ષસ્થાને વડોદરા ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજવામાં આવી હતી.

સમગ્ર બેઠકનું સંચાલન અધિક નિવાસી કલેકટર શ્રી ડી.આર. પટેલે કર્યુ હતુ. બેઠકમાં ધારાસભ્યશ્રીઓએ જુદાં-જુદાં પ્રશ્નો રજૂ કર્યા હતા અને તે પ્રશ્નોના નિવારણ માટે અધિકારીશ્રીઓને સકારાત્મક અભિગમ દાખવી સત્વરે નિકાલ કરવાની સૂચના કલેકટરશ્રીએ આપી હતી

બેઠકમાં નિવૃત્ત કર્મચારીશ્રીઓના પેન્શન, નિવૃત્ત થનાર કર્મચારીશ્રીઓના પેન્શન કેસો તૈયાર કરવા ઉપરાંત કચેરીઓના પડતર પ્રશ્નોના નિકાલ માટે કામગીરી ઝડપી કરવા કલેકટરશ્રીએ સૂચના આપી હતી. વિકાસ કાર્યો માટે અનિવાર્ય સંકલનની જવાબદારી સુપેરે નિભાવીને અધૂરાં કામોને પ્રાધાન્ય આપી પૂર્ણ કરવા પર પણ કલેકટરશ્રીએ ભાર મૂક્યો હતો. બેઠકમાં સંબંધિત કચેરીઓના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભરૂચ જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતીની બેઠક મળશે

ભરૂચ : હાલમાં પી.એમ.કિશાન સન્માન નિધિ યોજનાની કામગીરી ચાલે છે અને આ કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવાની છે. જિલ્લાના તમામ અધિકારીશ્રીઓ આ કામગીરીમાં રોકાયેલ છે. જેથી ચાલુ માસની સંકલન સમિતિની માસિક બેઠક તા.૨૨/૦૨/૨૦૧૯ ને શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ યોજવામાં આવશે એમ નિવાસી અધિક કલેકટરશ્રી - ભરૂચની એક યાદીમા જણાવાયું છે.

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફ્રી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort
SILVASSA
24 acres of sheer luxury
Treat Water Park
A mind-blowing leisure spot
• 24 Acres Landscaped Gardens
• 194 Luxurious Rooms • Water Park
• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS
+ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
+ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
+ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
+ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
+ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
+ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
+ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
+ એક્સકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
+ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
+ શેતરંજી + આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકુંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

વાલીયા તાલુકાના પીઠોર ગામમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી દારૂ/જુગાર ની બદી અટકાવવા સારૂ ડ્રાઈવ રાખવામા આવેલ છે.જે અનુસંધાને એલ.સી.બી ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર જે.એન.ઝાલા નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી ના પો.સ.ઈ વાય.જી.ગઢવી તેમજ ટીમના પોલીસ માણસો પેટ્રોલિંગમાં હતા દરમ્યાન પો.કો. દિલીપભાઈ ચંદુભાઈને બાતમી હકીકત મળેલ કે વાલીયા તાલુકાના પીઠોર ગામે મહેન્દ્રભાઈ જામોલભાઈ વસાવા તથા તેમનો પુત્ર સુનિલભાઈ મહેન્દ્રભાઈ વસાવા નાઓ ભારતીય બનાવટનો વિદેશી દારૂનું વેચાણ કરે છે જે મળેલ બાતમી આધારે પ્રોહી.ગુના અંગે રેડ કરતા મહેન્દ્રભાઈ જામોલભાઈ વસાવા ના મકાન માંથી ભારતીય બનવાટના વિદેશી દારૂ તથા બીયરની અલગ અલગ બ્રાંડની કુલ બોટલ નંગ-૬૨૬ જેની કિં.રૂ.૬૫૦૦૦/-નો કબ્જે કરી મહેન્દ્રભાઈ જામોલભાઈ વસાવા નો મળી આવતા તેને અટક કરી કાયદેસર કાર્યવાહી કરી તથા તેના પુત્ર સુનિલભાઈ મહેન્દ્રભાઈ વસાવા તથા દારૂનો જથ્થો આપનાર હરેશભાઈ રાજુભાઈ વસાવા રહે-ડહેલી તા-વાલીયા નાઓને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરૂધ્ધ વાલીયા પો.સ્ટે.માં ગુનો રજીસ્ટર કરાવવામાં આવેલ છે.

ખાનગી બસ પલટી જતા ૧૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત

ભરૂચ

ભરૂચમાં નર્મદા ચોકડી પાસે ખાનગી બસ પલટી વાગવાને કારણે આખી બસ આડી થઈ ગઈ હતી. જેમાં ૧૦થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. હાલ તેમને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યાં છે. આ ઘટનાની જાણ થતાં પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી જઈને વધુ તપાસ હાથ ધરી છે.

આ મામલે મળતી માહિતી પ્રમાણે શહેરની નર્મદા ચોકડી નજીક બ્રિજ નીચે બસ પલટી ખાઈ ગઈ છે. જેમાં ૧૦થી વધારે ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે.

આ અકસ્માતને પગલે સ્થાનિક લોકો પણ ત્યાં ભેગા થઈ ગયા હતાં. હાલ પોલીસે ગુનો નોંધીને બધાનાં નિવેદનો લઈને વધુ તપાસ હાથ ધરશે. લોકોમાં ચર્ચા પણ છે કે આ બસ ઘણી જ સ્પીડમાં હોવી જોઈએ જેના કારણે તે પલટી ગઈ છે.

રાજપીપળા કોલેજના એક હજારથી વધુ વિદ્યાર્થીઓએ આપી શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ



રાજપીપળા : રાજપીપળાની એમ આર આટ્ર્સ એન્ડ સાઇન્સ કોલેજમાં એક હજારથી વધુ વિદ્યાર્થીઓએ શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી .

જમ્મુ કાશ્મીરના પુલવામાં જવાનો ઉપરના આતંકી હુમલામાં વીર જવાનો શહીદ થયા છે જેને પગલે સમગ્ર દેશમા જન આક્રોશ જોવા મળી રહ્યો છે.ત્યારે ઠેર ઠેર શહિદ જવાનોને શ્રદ્ધાંજલિ અપાઈ રહી હોય નર્મદા જિલ્લામાં પણ અનેક સંઘટનો અન્ય લોકો સહિતનાઓએ શ્રદ્ધાંજલિ આપી જેમાં રાજપીપળા કોલેજના પ્રોફેસરો,સ્ટાફ અને વિદ્યાર્થીઓએ પણ આ દુઃખદ ઘટનાને વખોડી શહીદોના પરિવારો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્તિ કરી હાથમાં કેન્ડલ સાથે મૌન પાડી શ્રદ્ધાંજલિ આપી હતી.

સીમાડા ચેક પોસ્ટ ખાતેથી દારૂ ભરેલી કાર પોલીસે ઝડપી પાડી

સુરત


પીસીબી પોલીસે દારૂ ભરેલી કાર જપ્ત કરી હતી. પીસીબી પોલીસે બાતમીના આધારે સરથાણા સીમાડા ચેક પોસ્ટ પાસેથી કાર નં.જીજે-૫-આરએ-૭૬૩૩ને આંતરી ઝડતી લેતા રૂપિયા ૩૨૯૩૦ની કિંમતની દારૂની બોટલ કબજે કરી હતી. પોલીસે કાર, દારૂ, બે મોબાઈલ ફોન મળી કુલ રૂા.૩,૩૪,૪૩૦ના મુદ્દામાલ સાથે અશોક કુરજી અકબરીની ધરપકડ કરી હતી.

સર્જીકલ સ્ટ્રાઈક તો પેહલા પણ થતી હતી પણ એ સમયે એનું માર્કેટિંગ નહોતું થતું અત્યારે માર્કેટિંગ થાય છે...આ શબ્દો કોણ બોલ્યું જાણો...

જમ્મુ-કાશ્મીરમાં આતંકી ઘટના એ દેશની ઈન્ટેલિજન્સની કમજોરીને લીધે બની :રાજપીપળાના નિવૃત મેજર જનરલ રણધીર સિંહ

રાજપીપળા:જમ્મુ-કાશ્મીરના પુલવામાં જિલ્લામાં બનેલી આતંકી ઘટના એ દેશની ઈન્ટેલિજન્સની કમજોરી સાબિત કરે છે.હવે મોદી બીજી સર્જીકલ સ્ટ્રાઈક કરશે પણ એનાથી કોઈ ફેર નહિ પડે.સર્જીકલ સ્ટ્રાઈક તો પેહલા પણ થતી હતી પણ એ સમયે એનું માર્કેટિંગ નહોતું થતું અત્યારે માર્કેટિંગ થાય છે...આ શબ્દો બીજા કોઈને નહિ પણ જેની ત્રાણ-ત્રાણ પેઢીએ ભારત દેશની સીમા પર રહી રક્ષા કરી એ રાજપીપળાના સૈન્ય પરિવારના નિવૃત મેજર જનરલ રણધીરસિંહના છે.

જમ્મુ-કાશ્મીરના પુલવામાં જિલ્લામાં CRPF જવાનો પર આત્મઘાતી આતંકી હુમલો થયો હતો,જેમાં ૪૦ થી વધુ જવાનો શહીદ થયા હતા.આ ઘટનાની ઘોર નિંદા કરતા રાજપીપળામાં પોતાનું નિવૃત જીવન ગાળી રહેલા મેજર જનરલ રણધીરસિંહે જણાવ્યું હતું કે વાજપેયી સરકારે જૈશ-એ-મોહંમદના જે આતંકીને છોડી મુક્યો હતો એના માણસોએ જમ્મુ-કાશ્મીરના સ્થાનિક યુવાનને ભડકાવ્યો હતો અને જેહાદી બનાવ્યો હતો એ યુવાને આ કામગીરી કરી છે.હવે પીએમ મોદી કહે છે કે આનો કરારો જવાબ અપાશે તો આપે મોદી આનો કરારો જવાબ.મને ખબર નથી કે શું



જવાબ આપશે,આ ઘટના બાદ લડાઈ પણ નહીં થાય કારણકે પાકિસ્તાને પોતાના નિવેદનમાં એવું જણાવ્યું છે કે આ હુમલામાં અમારો કોઈ હાથ નથી.અમેરિકા અને બીજા અન્ય દેશોએ પાકિસ્તાનને કહ્યું છે કે તમે જે આતંકવાદીઓને શરણ આપો છો એનું જ આ કામ છે.આટલા મોટા પ્રમાણમાં બારુદનો જથ્થો જો લાવી શકાતો હોય તો આપણી ઈન્ટેલિજન્સમાં કમજોરી છે,બાકી આટલો બારુદ જમા કરવો કોઈ આશાન કામ નથી.

મોદી અવશ્ય કશું તો કરશે જ,દેશ પણ ઈચ્છે છે કે તેઓ કશું કરે.લોકસભાની ચૂંટણી પણ આવી રહી છે જો તેઓ કશું નહીં કરે તો દેશ એમને કમજોર સમજશે.મોદી હવે બીજી સર્જીકલ સ્ટ્રાઈક કરશે,એ તો પેહલા પણ થતી હતી પણ એ સમયે એનું માર્કેટિંગ નહોતું થતું અને અત્યારે થાય છે.સર્જીકલ સ્ટ્રાઈકથી કશો ફેર નહિ પડે માત્ર દેશ-વાસીઓને ખુશી મળશે કે સરકારે કશું કર્યું.ફરક તો ત્યારે પડશે જયારે આ સરકાર પોતાનું શાસન સુધારશે,શાસન ફક્ત કાશ્મીરનું જ નહિ આખા દેશનું સુધારવું જરૂરી છે.ભડકાઉ વિડીયો વાયરલ કરીને દેશના યુવાનોને આવા કૃત્ય કરવા પ્રેરણા આપાય છે એવા યુવાનોને સુધારવા દેશ માટે મોટો પડકાર છે.સરકાર જો આ નહિ સમજે તો આવું થયા જ કરશે.જે રાજકારણીઓ પાકિસ્તાનની તરફદારી કરે છે એમની સામે કડક કાર્યવાહી થવી જ જોઈએ.જો આપણી અંદરના મુસ્લિમ ભાઈઓ જ આપણી વિરુદ્ધ જશે તો દેશની કોઈ પણ જગ્યા સુરક્ષિત નથી.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

હોલસેલ ભાવે છુટકમાં
● કોટન ત્થા પોલીસ્ટર ધોતીજોટા
● લાલ-પીળા ભગવા અબોટીયા
● લાલ ગમછા (અંગુછા)
● ધાબળા - પોલાર બ્લેન્કેટસ
● સોલાપુરી ચારસા
સીંગલબેડ તથા ડબલ બેડમાં
➨ પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
➨ મીન્ક બ્લેન્કેટસ
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે
"કાશ્મીરી શાલ"
ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની

ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર ક્વોલીટીની તૈયાર મચ્છરદાની મળશે.
"છોટા કુબેર" કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૬૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭

SINGAPURI FASHION
FABRICS, TAILORING & ETHNIC
સુટ,શેરવાની, ડિઝાઇનર પઠાણી, કુર્તા પાયજામા, સાફા, મોજડી, જેવી દુલ્હા કલેક્શન ની રેન્જ એક જ જગ્યા એ જોવા પધારો.
0261-2417767
૧ પટેલ મોટર ની પાસે, રાણીતાલાબ, લાલગેટ સુરત

3000/- Rebonding Smoothing & straightening
Niyati BEAUTY PARLOUR
9913736223, 9106322559
300/- Facial Waxing Hands And Legs Eyebrows
800/- D Taning Facial, Full Waxing Only Hands With Arms Half legs, Hair Spa Taning Spa Pedicure, Ags, Eyebrows
1000/- Menicure, Pedicure, Hair Spa Facial Hand & Legs Waxing, Eyebrows, Bleach
500/- Facial Waxing Only Hands With Arms Manicure Hair Spa Eyebrows
F/9 Shivam Complex, Tulsidham Zadeshwar Road, Bharuch.

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો
100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઈડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.
અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
● ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
● લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
● ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
● રીચાર્જેબલ હીયરીંગ એઈડ
● જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરત: એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરત: મો. 75670 00800
અડાજણ: ગુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

THICKSHAKE NEW VARIETY
રજવાડી કીંગ | રજવાડી ક્વીન
મખ્ખન ભોગ

Extra Ordinary Flavours of 51 RAINBOW ice creams
Special offer 150/- 100/- T&C apply*
zomato Service Available
સુરત રેલ્વે સ્ટેશનની સામે. સંપર્ક: +91 9879217786

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે

મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
સ્કુલ, ગ્રૂપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
ઉમરાટ બીચ - નવસારી
www.modiresorts.com
Ph.: 99250 08830
97272 56004